Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૪૭ • તા. ૨૧ નવેમ્બર ૨૦૧૬ થી ૨૭ નવેમ્બર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



આપણે આજે જે કરીએ તે પર નિર્ભર હોય આપણું ભાવિ

મહાત્મા ગાંધી

ઉજ્જવળ હશે ભાવિ જો વેઠી મુશ્કેલી
અર્થતંત્ર ને સંસ્કારિતામાં આમૂલ પરિવર્તનનું બીજ દેશું વાવી.

# દૌલત પરિવાર તથા લોડાયા પરિવારનું ગૌરવ

*Heartiest Congratulations to*

## Rishi Jaldeep Daulat (Suthri)

(Date of Birth : 21st June 1988)

**On Obtaining Bachelors Degree in Communication & Journalism - University of Taxes at Austin**

**Rishi,** has been successfully working with "PR + Partners", A Las Vegas based Sports and Advertising Agency. He has previously worked as Journalist and Graphic Designer at Las Vegas Review Journal.

*Wishes him a Great Sucess in his Career*

**-: શુભેચ્છક :-**

| | | | |
|---|---|---|---|
| નાનાણા | : | માતુશ્રી લીલબાઈ ખીમજી રતનશી લોડાયા પરિવાર | વરાડીયા - વિલેપાર્લા |
| દાદાણા | : | માતુશ્રી ચંપાબાઈ હીરાચંદ લક્ષ્મીચંદ દૌલત પરિવાર | સુથરી - USA |
| માતા-પિતા | : | નીતા જલદીપ દૌલત | Lasvegas USA |
| મામા-મામી | : | શ્રીમતી રેખા વિરેન્દ્ર ખીમજી રતનશી પરિવાર<br>Ph. No. 91 2226208395 | વરાડીયા - વિલેપાર્લા |
| માસા-માસી | : | શ્રીમતી દીના જનક લક્ષ્મીચંદ દૌલત પરિવાર | ડેલાસ - ટેક્ષાસ USA |
| માસા-માસી | : | શ્રીમતી લીના હરિશ ચંદુલાલ મોમાયા પરિવાર<br>Ph. No. 9702222552 | વરાડીયા - ઘાટકોપર |
| ભાઈ | : | ચિ. આશીષ જલદીપ દૌલત | |
| બહેન | : | ચિ.શિલ્પા જલદીપ દૌલત | |

**E-mail : luvdaulat@aol.com**

**લગ્નસંબંધી :** America Born અથવા America Brought up જૈન યુવતીના વડીલો સંપર્ક કરે.

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 47/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# આર્થિક મર્યાદાઓ છતાં સમાજજીવન છબકતું રાખીએ

*ગયા સપ્તાહે ભારત સરકાર દ્વારા ચલણમાંથી રૂા. ૧૦૦૦/- અને રૂા. ૫૦૦/- ની નોટો રદ કરાયાની જાહેરાત થઈ તેની સાથે જ સમસ્ત દેશ સ્તબ્ધ થઈ ગયો છે અને હજી પણ તેની આઘાતજનક અને શૂન્યમનસ્કતા યુક્ત અસર દિન પ્રતિદિન ઘેરી અને ઘેરી બનતી જાય છે, ખાસ કરીને ઉચ્ચ મધ્યમવર્ગીય નાગરિકોમાં જેમની પાસે ઉક્ત ચલણની નોટોનો વિપુલ સંગ્રહ રહ્યો છે.*

*ઈતર સમાજોની જેમ આપણી જ્ઞાતિના પણ લગભગ સર્વ વેપારીઓ, વ્યવસાયિકો, અગ્રણીઓ અને અગ્રિમ કાર્યકરો પાસે આ રદ થયેલ ચલણ ઠીક ઠીક પ્રમાણમાં સંગ્રહિત થયેલ કે ઉપલબ્ધ હોતાં તેઓ સૌ પણ ક્ષુબ્ધ અને એક પ્રકારે નિઃસહાય - લાચાર બની ગયા છે અને જાણે આખી જ્ઞાતિમાં સોંપો પડી ગયો હોય તેમ જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ અને મહાજનોનાં યોજાઈ ગયેલ અને નજીકના ભવિષ્યમાં યોજાનાર કાર્યક્રમો અને આયોજનો અંગે નિરૂત્સાહ અને હતોત્સાહ બનવા જેવી પ્રતિક્રિયા અને લાગણીઓ વર્તાઈ રહી છે.*

*પોતાની પાસે રહેલી મોટી રકમોની બીનોપયોગિતા, શેષ પ્રવર્તીત ચલણની જુની નોટોની ઓછી ઉપલબ્ધતા, નવી રૂા. ૨૦૦૦/- અને રૂા. ૫૦૦/-ની નોટો મેળવવા અંગેની મુશ્કેલીઓ તેમજ ખેંચ સર્વત્ર વ્યાપક બન્યા છે જે આપણી જ્ઞાતિમાં પણ નિહાળી શકાય છે.*

*અને લીધે જ્ઞાતિના અનેક નિષ્પક્ષ વિચારશીલ અગ્રણીઓ અને સામાજિક કાર્યકરો હવે કહી રહ્યા છે તેમ છેલ્લા બે-અઢી દાયકાઓ દરમ્યાન યોજાયેલ એક એકથી ચઢિયાતા ધાર્મિક અને સામાજિક આયોજનોમાં જોવા મળેલ ભવ્ય મંડપો, જમણવારો, વરઘોડાઓ, બગીઓ, બેંડવાજાઓ, ઢોલ શરણાઈના તાલે હજારોની નોટોની થતી ગોર અને મસમોટી ઘૃતબોલીઓ અને ઉછામણીઓમાં જ્ઞાતિ અગ્રણીઓ અને નવશ્રીમંતો પાસે જે રેલમછેલ વહેતી હતી તેનો  પ્રવાહ હવે ન કેવળ રોકાઈ જશે પણ સમૂળગો રૂંધાઈ જશે અને સુકાઈ પણ જશે જે દેશની અને જ્ઞાતિની સમગ્રતયા પરિસ્થિતિ જોતાં સર્વથા ઉચિત છે જેનો કોઈ અફસોસ કરવાનો ન હોય.*

*હકીકતમાં જ્ઞાતિના આ વિચારશીલ અગ્રણીઓ ભવિષ્યમાં શી પરિસ્થિતિ સર્જાશે તેનું જે ચિત્ર દર્શાવી રહ્યા છે તેનો ઘાટ, જ્ઞાતિએ અને અન્ય સમાજોએ પણ આજથી દસેક વર્ષ પહેલાં આપવો જોઈતો હતો. આમ હવે ફરજિયાતપણે કહો તો તેમ અથવા તો અન્ય કોઈ વિકલ્પ ન રહેશે તો તેમ સ્વીકારીએ તો હવેથી કમસે કમ બેએક વર્ષ સુધી તો દેખાતા કારણોસર જ્ઞાતિની સંસ્થાઓ-મહાજનોના વર્ષ પ્રતિવર્ષ થતા આયોજનોમાંથી સારી એવી બાદબાકી થઈ જશે અથવા તો તેના આવક ખર્ચના આંકડાઓમાં બહુ મોટો કાપ આવી જશે અને ખાસ કરીને, ધાર્મિક ઘૃતબોલીઓ અને ઉછામણીઓ આંક ઘણો નીચો આવી જશે.*

*આ ઉપરાંત, વડાપ્રધાન બેહિસબી નાણાઓ બાબતે જે ચેતવણીઓ આપી રહ્યા છે તે જોતાં દેશના દરેક નાગરિકોની જેમ આપણા જ્ઞાતિજનોએ પણ પોતાના ધંધા વ્યવસાયના કારોબારોમાં તેમજ મહાજનો અને સંસ્થાઓના વહીવટમાં નાણા વ્યવહારમાં સ્વચ્છતા અને પારદર્શકતા રાખ્યા સિવાય છૂટકો રહેશે નહીં.*

આ દૃષ્ટિએ જ્ઞાતિ અગ્રણીઓએ પોતે જે જે સંસ્થાઓ અને મહાજનોમાં સક્રિય રહેતી વખતે જ્ઞાતિજનોની મૂલભૂત જરૂરીયાતો જેવીકે શૈક્ષણિક અને રહેઠાણના પ્રશ્નો વિશે પ્રાધાન્યતા અપનાવવી પડશે અને મોટા આયોજનો જેમાં ભભકાદાર દેખાડાઓ, સન્માન સમારંભો, જમણવારોને સમૂળગી તિલાંજલિ આપવી પડશે.

આમ, જ્ઞાતિજનોના અને ખાસ કરીને કાર્યકરોના સમય અને શક્તિ વેડફાતા અટકી જશે.

છેલ્લા વીસેક વર્ષથી જ્ઞાતિના શિક્ષિત યુવા-યુવતિઓ પોતાની કારકિર્દીમાં જોડાયા પછી જ્ઞાતિ મહાજનોના કાર્યક્રમોમાં મોટા ભાગે ઉપસ્થિત રહેતા નથી અને તેમાં પણ ૩૦ થી ૫૦-૫૫ની ઉંમરનો સમજદાર વર્ગ, જ્ઞાતિ કાર્યક્રમોમાં આ પ્રકારના દેખાડાઓ વેડફાટો અને ભાષણોની ગુલબાંગોને કારણે જ્ઞાતિથી દૂર થઈ ગયા છે. તેઓ જો આ આયોજનો સાદગીભર્યા અને અર્થ પૂર્ણ હશે તો જ તેમની તરફ આકર્ષાશે. જે આ રાષ્ટ્રીય કક્ષાના મહત્ત્વના નિર્ણયની એક હકારાત્મક ફલશ્રુતિ ગણી શકાય.

કોઈપણ સમુદાયનું સમાજજીવન નાના-મોટા આયોજનોને કારણે જ ધબકે છે... વિકસે છે, એટલે આયોજનો ભલે નાના હોય, સાવ સાદા હોય પણ થવા જ જોઈએ જેથી સમાજજીવનનું સાતત્ય જળવાય.

સૌએ ધ્યાન રાખવાનું છે કે આવા સંજોગોમાં સમાજજીવનને ધબકતું રાખવાની જવાબદારી સૌની છે.


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


## અત્યાર સુધીના લગભગ જવાબ 'YES' માં

## અભિપ્રાય મોજણીમાં સહયોગ આપો : મુખ્ય હોદાઓની માટે બેમુદતની મર્યાદા હોવી જોઈએ ?

પ્રકાશ સમીક્ષાના અંક ૪૨માંનો ક.દ.ઓ. મહાજનમાં સર્જિકલ સ્ટ્રાઈક : મુખ્ય હોદાઓ માટે બે મુદતની મર્યાદા જોઈએ ? એ લેખ આપને વિચારવા લાયક લાગ્યો હોય તો આપને વિનંતિ છે કે 09725015107 પર ફક્ત 'YES' or 'NO' વોટસ-એપ માં મેસેજ મોકલી આપશો, એવા અનુરોધના પ્રત્યુત્તર રૂપે ઘણી ઓછી સંખ્યામાં જવાબ આવ્યા છે ને તેમાં 'YES' વીનમાં છે.

કેટલાક લોકોએ તો 'YES' or 'NO' માં જવાબ આપવાને બદલે આ અભિપ્રાય મોજાણી અંગે નારાજગી દર્શાવી જેમ છે તેમ ચાલવા દેવાની તરફેણ કરી છે. તેમનું કહેવું છે કે આમ પણ જ્ઞાતિમાં જાહેર જીવનમાં આવનારા ઓની સંખ્યા ઓછી છે ત્યારે આવી વાત શા માટે ? અલબત્ત, અભિપ્રાય મોજાણી ચાલુ જ છે.

નોંધપાત્ર સંખ્યામાં "YES"ના મેસેજ આવેથી સમસ્ત મહાજનને વિનંતિ કરશું કે તેઓ આ બાબતે ઠરાવ કરીને દરેક મહાજનને મોકલે જેથી એના પર યોગ્ય તે કાર્યવાહી થઈ શકે. – **પ્રવિણ લોડાયા,** વડોદરા

## પ્રતિ ભાવ : લીમડા જેવી કડવી વાત... - પ્રવીણ લોડાયા (વડોદરા)

પ્રકાશ સમીક્ષામાં આવેલ તંત્રીલેખમાં જ્ઞાતિની આંખ ઉઘાડનારો સચોટ લેખ લખાયો છે, જેમાં લીમડા જેવી કડવી પણ ગુણકારી વાત કરી છે.

કોઈપણ આગેવાન પદની લાલચે ગજા ઉપરાંત જવાબદારી સ્વીકારી લે એમાં દેખીતી રીતે સમાજનું તો ઘણું નુકસાન થવાનું જ પરંતુ તે વ્યક્તિને ભાગે પણ તેણે જે કાંઈ કામ કર્યું હશે તે ગુણવત્તા સભર અને સમાજને સંતોષ આપનાર ન હોવાથી સરવાળે તો વ્યક્તિને અને સમાજને બન્નેને નુકસાન થવાનો જ એમાં બે મત નથી છે.

ઉક્ત લેખમાં જણાવ્યું છે તેમ સંયુક્ત કુટુંબોના જમાનામાં સમાજસેવા કરવા ઇચ્છનાર વ્યક્તિના સંયુક્ત કુટુંબે તેની કૌટુંબિક - વ્યાવસાયિક-સામાજીક જવાબદારી લઈ લીધી હોય અને જે તે આગેવાને નિશ્ચિત થઈને સમાજસેવા કરી હોય એવા ઘણા દાખલા જોવા મળતા.

તેવી જ રીતે સરખા વિચારવાળા મિત્રોમાંથી એક મિત્ર સમાજસેવા કરે અને બીજા મિત્ર તેને ધંધામાં સ્લીપીંગ પાર્ટનર બનાવી તેની સાંસારિક જવાબદારી ઉપાડી લીધી હોય એના દાખલા પણ જોવા મળતા.

વર્તમાન કાળમાં પણ આવા કેટલાક દાખલા આપી શકાય. મુંબઈ મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ હીરાચંદ પટેલે સમાજસેવા માટેની રાહ પકડી, ત્યારે તેઓશ્રી ફક્ત ૪૩ વર્ષના હતા. જો એમના સુપુત્રે ધંધો ના સંભાળ્યો હોત તો પટેલ મુંબઈ મહાજનના પ્રમુખપદ સુધી પહોંચી શક્યા હોત કે નહીં તેની શંકા રહેલ. યેનકેન પ્રમાણે પહોંચ્યા પણ હોત તો આટલા કાર્યો સફળ રીતે કરી શક્યા ના હોત.

વડોદરાના પ્રમુખશ્રી ઠાકરશીભાઈ પનપારિયાના પાર્ટનર મિત્રે પુરા સમયની સમાજસેવા કરવાના દ્વાર તેમના માટે ખોલી આપ્યા હતા. જેનાથી એમના હાથે સુંદર રીતે સમાજસેવાના કાર્યો થયા. એમની કારકિર્દીમાં વડોદરોમાં દેરાસર અને વિવિધલક્ષ્મી હોલ બંધાયા. ભવ્યાતિભવ્ય ચાતુર્માસ ઉજવાયા. ઘણા સાધુ-સાધ્વીઓના ચોમાસા આનંદ-ઉલ્લાસથી પાર પડાયા. તેમનું નામ વડોદરા સમાજના ઈતિહાસમાં સુવર્ણોક્ષરે લખાશે.

મલકાપુરના સંયુક્ત કુટુંબમાં સમાજસેવા કરવા ઇચ્છનાર છગુશેઠના સંયુક્ત કુટુંબે તેમની જવાબદારી સંપૂર્ણપણે લીધી એટલે જ આજે લાલપુરનું ભલારા-સ્થાનક


॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

**સામુહિક વર્ષીતપની ઉત્કૃષ્ટ તપારાધના**

**વિ.સં. ૨૦૭૨-૨૦૭૩, ઈ.સ. ૨૦૧૬-૨૦૧૭**

**પાવન પ્રસંગ નિમિત્ત**

કચ્છ ભદ્રેશ્વરતીર્થોધારક, તપસ્વીરત્ન, સંઘસિરછત્ર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સુવર્ણ પચાસમાં વર્ષીતપ નિમિત્તે જોડાયેલા સમગ્ર શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના સમગ્ર જ્ઞાતિના વર્ષીતપના આરાધકો માટેનો

**માહિતી પત્રક** ક્રમાંક : ____________

તપસ્વીનું નામ : .................................................... વય : ..............

ગામ : ........................ સરનામું : ....................................................

..........................................................................................

ફોન ઘર : .................................... મોબાઈલ : ....................................

ઈ-મેલ : .................................... પૂર્વે વર્ષીતપ કરેલ છે ? હા / ના

**કાર્યાલય સમય : સોમવાર થી શનિવાર**
**બપોરે ૧૨.૦૦ થી સાંજે ૬.૩૦ સુધી**

આરાધકની સહી ....................................

**તા.ક.:** આ પ્રકાશિત થયેલ ફોર્મ અથવા ઝેરોક્ષ (નકલ) કરીને પણ ફોર્મ ભરી શકાશે. આ ફોર્મ ભરીને પરત આપવાની છેલ્લી તા. ૩૧/૧૨/૨૦૧૬ છે. **ફોર્મ આપવાનો સ્થળ :** શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના કાર્યાલયમાં જમા કરવા.

જીર્ણોધ્ધારથી એક દૈદિપ્યમાન સ્થાનક તરીકે આજુબાજુના વિસ્તારમાં પ્રખ્યાત છે. એના માટે છગુશેઠ જે મહેનત લીધી તેનો આ લખનાર સાક્ષી છે. મલકાપુરથી લાલપર લગભગ હજાર કિલોમીટર દર અઠવાડિએ ડ્રાઈવ્હીંગ કરીને જવું એ કંઈ રમત વાત નથી. એમના મોટાભાઈ શ્રીમાન તિલોકચંદભાઈએ એમને છુટો દોર આપ્યો હોવાથી તેઓ જ્ઞાતિને સાતમું વસતીપત્રક સમર્પિત કરી શક્યા.

તંત્રીલેખમાં યોગ્ય રીતે જ દર્શાવ્યું છે કે સમાજ જીવનને વહેતું રાખવા અને તેને સમૃધ્ધ બનાવવા દરેક સક્ષમ વ્યક્તિ તન-મન અને ધનથી એવા આપે તો જ સમાજસેવા થઈ શકે

ફક્ત હારતોરા પહેરવા અને ફોટા પાડવા એમાં જ સમય જતો હોય તો બાવાના બેય બગડે. પોતાનો સમય તેમ જ શક્તિ વેડફાયા અને સમાજ માટે કાર્ય ના થાય અને બન્ને જવાબદારીઓને ન્યાય આપી શકાય નહીં.

દીર્ઘ દ્રષ્ટા અને કુશળ વહિવટકાર જ્ઞાતિ આગેવાન શ્રી નારણજી શામજીની જેમ અચલગચ્છના ઈતિહાસનો અભ્યાસ કર્યો હોય તો વાંધો નથી. એમની જેમ ધાર્મિક બાબતોમાં મહારાજ સાહેબો સાથે ચર્ચા વિચારણા કરીને અચલગચ્છની સમાચારી અનુસાર કાર્ય કરવાની પ્રણાલિકા પાડવા ઘટતું કરવું અન્યથા જ્ઞાતિની કેન્દ્રીય સંસ્થાના છ વર્ષના રકોર્ડ મુજબ ફક્ત કેલેન્ડર છાપીને એક મહત્ત્વ હોદાની ગરિમાને હાંસીપાત્ર બનાવવાથી શું વળે ?

જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના ભાષણોમાં કહે છે સાઠ સાલમેં કોન્ગ્રેસને ક્યા કિયા એમ અમારે કહેવું ન પડે કે છ સાલમેં હમેં સિર્ફ કેલેન્ડર હી દિયા.

**સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો.**

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણા બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના થઈ, નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**


।। શ્રી ચંદ્રપ્રભુસ્વામીને નમઃ ।।

## શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન - લાલા

### વાર્ષિક સામાન્ય સભા તેમજ ગામવાસીઓનું સ્નેહમિલન

ઉપરોક્ત સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૫-૧-૨૦૧૭ના સવારના ૯.૦૦ કલાકે શ્રી જીવરાજ ભાણજી હૉલ, અશોક નગર, નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ મધ્યે બોલાવવામાં આવેલ છે. દરેક ગામવાસીઓ તેમજ **નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**અજેન્ડા - કાર્યસુચી :** ૧) ગત સભા તા. ૧૯/૬/૨૦૧૬ની મિનિટસનું વાંચન તથા બહાલી. ૨) વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના ઓડિટેડ હિસાબોની રજુઆત (ઓડીટર રીપોર્ટ) તથા બહાલી. ૩) વરસ ૨૦૧૬-૨૦૧૭ માટે ઓડીટરની નિમણુંક. ૪) જીર્ણોધ્ધાર તથા રીપેરીંગ બાબત ચર્ચા. ૫) પ્રમુખશ્રી ની મંજુરીથી રજુઆત થાય તે બાબત નિર્ણય.

**નોંધ :** (૧) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાકબાદ તેજ સ્થળે મળશે અને તેમાં થયેલ કાર્યવાહી કાયદેસર ગણાશે.
(૨) એજન્ડા ઉપરાંતના સવાલો ૨૫ દિવસ અગાઉ મોકલવા જેથી તૈયારી કરી શકાય.

**સભાબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**
**સહાયક દાતા : રૂા. ૧૧૦૦૦/- નો નકરો રાખવામાં આવેલ છે.**

**વહેલો તે પહેલોના ધોરણે નામ લેવામાં આવશે.**

સંપર્ક :
લહેરચંદ દામજી મૈશેરી - 09892450358
રાજેશ મુલજી મૈશેરી - 09909883970
તેજપાલ લખમશી ધરમશી - 09870070027
પારસ લહેરચંદ મૈશેરી - 09322045744
દિલીપ ઉમરશી દંડ - 09869324944
નવીન લક્ષ્મીચંદ લોડાયા - 09879858848
રાજેશ હીરાચંદ મોમાયા - 09879715866

• **શ્રી લહેરચંદ દામજી મૈશેરી** (પ્રમુખ) • **શ્રી દિલીપ ઉમરશી દંડ** (સેક્રેટરી) **ના જય જિનેન્દ્ર !**

## દવાઈ કેટલી મોંઘી-કેટલી સસ્તી ? - શ્રીમતી માલતી હરીશ ધરમશી

આજે મનુષ્યનાં જીવનમાં ''રોટી કપડા અને મકાન'' પછી અમુક ઉંમરે દવાઓની ખૂબ જરૂરત પડે છે. કોને ક્યારે કઈ બીમારી આવશે ? ક્યારે કઈ દવાની જરૂરત પડશે ? કાંઈ કહી ના શકાય.

આજ કાલ લગભગ ઘણાંયને થાઈરોઈડ, બી.પી., સુગર, વગેરે બીમારીઓ બહુ કૉમન થઈ ગઈ છે. અને પાછી આ બીમારીની દવાઓ જીંદગીભર લેવી પડે છે. ક્યારેય છૂટતી નથી. અને છોડવી પણ ન જોઈએ.




પણ ઘણાં લોકો થોડા વખત દવા લીધાં પછી બી.પી. નોર્મલ આવે છે... હવે દવા ખાવાની જરૂરત નથી. એમ કહીને પોતેજ ડૉક્ટર બનીને , ડૉક્ટરને પૂછયા વગર જ દવા બંધ કરી દે છે. અને પછી બી.પી. તરત નહીં તોય ક્યારેક ક્યારેક એવો ઉથલો મારે છે કે તમને સ્ટ્રોક આવી શકે. પેરલિસિસ થવાનાં ચાન્સ ઘણાં વધી જાય છે. Bed ridden થઈને જીવવું એનાં કરતાં તમે રોજ એક ગોળી સમયસર ગળી જતા હો તો ?

પણ ઘણી વખત મધ્યમ વર્ગીય માણસ વિચારે છે કે દર મહિને આટલો મોટો ખર્ચ કેમ પોસાય ? આજે બ્રાન્ડેડ દવાઓ કેટલી મોંઘી છે ? એ બિલ ઓછા કેમ થાય ?

હમણાં જોકે અમુક મંડળોએ પોતાના મેમ્બરોને કાર્ડ બનાવી આપીને દવાઈઓમાં ડિસ્કાઉન્ટ મેળવી આપે છે. એ બધાં બહુજ ઉમદા કાર્ય કરી રહ્યા છે.

પણ તોય આ દવાઓ મોંઘી જ થાય છે. જેટલાં મોટાં ડૉક્ટર એટલી મોંઘી દવાઓ લખી આપે. દવાઈ કંપનીઓ આમાં નફાનો ગાળો ઘણી વખત બહુજ ઊંચો રાખે છે. પણ તમે www.medguideindia.com ની વેબસાઈટ પર જઈ એજ ફોર્મ્યુલેશનની બીજી કંપનીની દવાઈ શું ભાવે મળે છે તે ચેક કરી શકો છો.

હવે government approved ''જન ઔષધી'' અથવા generic medicines નીકળી છે. જે ખૂબજ સસ્તી અને ખરેખર વરદાન રૂપે છે. આ દવા ફક્ત ''જન ઔષધી''ની દુકાનોમાંજ મળે છે પણ જન ઔષધીની દુકાનો બહુ જૂજ છે. અગર તમારા ગામમાં હોય તો બચત બહુજ સારી થાય, હું પોતે

|| જય શ્રી પોડસાદાદા ||     || જય શ્રી સચ્ચામા ||     || જય શ્રી ક્ષેત્રપાલ દાદા ||

### વિકમશી નુખના શ્રી સચ્ચા માતાજીને નમતા સર્વે ભાવિકોને જખૌ સ્થાનકે પધારવાનું સપ્રેમ આમંત્રણ

જખૌ ગામે બિરાજમાન શ્રી સચ્ચાઈ માતાજીને નમતા રાણપર, જખૌ, સુથરી, વરાડીયા, વારાપધર, પરજાઉ વિગેરે ગામોના સર્વે ભાવિકો તેમજ નિયાણી બહેનો સહ પરિવારને શ્રી સચ્ચાઈ માતાજીના ભુઈમાં તથા શ્રી પોડસાદાદાના ભુવાની ગંધી બદલવાના કાર્ય તેમજ પહેડી પ્રસાદનો અનેરો લાભ લેવા હેતભર્યું આમંત્રણ છે.

**કાર્યક્રમની રૂપરેખા**

| | |
|---|---|
| તા. ૦૯/૦૪/૨૦૧૭ | ચૈત્ર સુદ ચોદસની રાત્રે માતાજીની ભક્તિ ભાવના |
| તા. ૧૦/૦૪/૨૦૧૭ | ચૈત્ર સુદ પુનમની સવારે ગંધી બદલવાનું અને પહેડી |
| તા. ૧૧/૦૪/૨૦૧૭ | ચૈત્ર વદ એકમના સવારે રાણપર દેરાસરમાં પ્રભુજીની સેવાપુજા ભક્તિ વિગેરે. |

**પુછ પરછ સંપર્ક :-**

**સતિશ કાનજી વિકમશી - 09870131193**     **અખિલેશ ધનજી વિકમશી - 09819827280**

**નિલેશ કરમશી વિકમશી - 09820782431**

**પત્ર વ્યવહાર : મેસર્સ કાંતિભાઈ કરમશી કું., ૪૧૨, મેકર ચેમ્બર્સ નં. ૫, પ્લોટ નં. ૨૨૧, નરીમન પૉઈન્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૧.** ● **ઈ-મેલ :** kantikarmasey@vsnl.net / akhileshdv@gmail.cm

**નોંધ :** ૧) ઇચ્છુક આવનાર નીયાણી બહેનોને ખાસ વિનંતી કે ઉપર આપેલ નંબર પર તા. ૫/૧૨/૨૦૧૬ પહેલા કોન્ટેક કરે.
૨) આપ કેટલા જણ પધારશો તેની જાણ ૧ મહિના પહેલા કરવા વિનંતી .

**નિમંત્રક : શ્રી વિકમશી પરિવાર સચ્ચામા સમુહ પહેડી સમિતી**

ઘણી દવાઓ જન ઔષધીની વાપરું છું અને એ સારા બ્રાન્ડ જેટલીજ અસરકારક છે, એ માટે હું અમુક દવાઓની કિંમતો સરખામણી (comparison) કરું છું.

તમે પોતે પણ આની website પર જઈને તમારી દવાનું નામ લખશો તો એનાં formulation સાથે અલગ અલગ બ્રાન્ડના ભાવોનું લીસ્ટ આવી જશે.

**1. Blood pressure:**
Telmisartan 40mg
Hydrochlorothiazide 12.5mg

| **Brand Name.** | **Price** |
|---|---|
| Eritel H. | Rs.80.00 |
| Inditel H. | Rs.71.40 |
| Zitelmi H. | Rs.29.00 |
| **Janaaushadhi** | **Rs.23.01** |

**2. Diabetic medicine**
Glimepiride 2mg +
Metformin 500mg

| **Brand Name.** | **Price** |
|---|---|
| Ziglim M2. | 36.50 |
| Dibiglim MF. | 50.00 |
| Nilconorm G2. | 68.00 |
| **Jana aushadhi.** | **17.51** |

**3. Acidity control**
Pantaprazole sodium sesquihydrate 40mg

| **Brand Name.** | **Price** |
|---|---|
| Pensod 40. | 40.00 |
| Drupen. 40. | 60.00 |
| Top. | 35.00 |
| **Jana aushadhi.** | **09.97** |

**4. Calcium**
Calcium carbonate, calcitriol+zinc

| **Brand Name.** | **Price** |
|---|---|
| Supracal XT. | 125.00 |
| **Jana aushdhi.** | **008.19** |

તો મારૂં માનવું છે કે ''સમસ્ત મહાજન''એ જ્ઞાતિનાં હિત માટે આજના સમયમાં સૌથી વધુ અગત્યનું કામ હાથ ધરવું હોય તો સારા પ્રમાણમાં આપણી વસ્તી ધરાવતાં ૮-૧૦ ગામમાં એક-એક ''જન ઔષધી''ની દુકાન ખોલી દેવી જોઇએ. સહુને એનો લાભ મળશે. અમુક લોકોને જોબ પણ મળશે અને મહાજનને એક આવકનું સાધન પણ ઊભું થશે. અને આવી દુકાનો ખોલવાથી જેની તાતી જરૂરિયાત છે તે લોકોની દૂઆઓ પણ મળશે.

મારી નમ્રતા પૂર્વક વિનંતી છે આના ઉપર આપણે ગંભીરતા પૂર્વક વિચાર કરવો જોઇએ.

## કચ્છી જૈન ફાઉન્ડેશન પ્રેરીત
## કચ્છી જૈન સંઘ - લારકિન્સ નગર (ડોંબિવલી)
## ચૈત્ય પરિપાટી - ૨૦૧૬

પર્યુષણ મહાપર્વનુ પાંચમુ કર્તવ્ય અને જિનશાસનની અજોડ આરાધના એટલે **ચૈત્યપરિપાટી** માટે કહેવાય છે... **તારે તે તીર્થ !**

પર્યુષણ મહાપર્વ બાદ કચ્છી જૈન સંઘ લારકિન્સ નગર દ્વારા ખાન્દેશ પ્રદેશમાં ચૈત્ય પરિપાટીનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

તા. ૧૧.૧૧.૨૦૧૬, શુક્રવાર થી તા. ૧૪.૧૧.૨૦૧૬ સોમવાર (૪-રાત્રિ / ૩-દિવસ), ૨ x ૨ લક્ઝરી એ.સી. બસ દ્વારા ૪૫ યાત્રિકોને યાત્રા કરાવવામાં આવેલી. **તપસ્વીઓને નિ:શુલ્ક યાત્રા** કરવામાં આવેલ. સંપૂર્ણ યાત્રા દરમ્યાન **રૂા. ૬૦/- નું સંઘ પૂજન** કરવામાં આવેલ.

**યાત્રા સ્થળ:** નેર - બલસાણા - પારોલા - અમલનેર - ધુલિયાના ભવ્ય જિનાલયોની પંચ તીર્થી કરવામાં આવેલ. સર્વે યાત્રિકોએ **કાર્તિકી પુનમ**ના દિવસે પારોલામાં શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર પટદર્શન આગળ ૧૦૮ ખમાસમણા આપ્યા.

સોનામાં સુગંધ ભળે તેમ **ડૉ. ઉર્જિતા જૈન અને શ્રી ચેતનકુમાર જૈન (બાબુજી)** દ્વારા સ્થાપિત શ્રી દિગંબર જૈન ચૈતન્યવન સંસ્થાન સોનગીર-ધુલિયાની અદ્‌ભુત મુલાકાત જ્યાં આપણા ૨૪ તીર્થંકરની કેવળજ્ઞાન પ્રાપ્તિ જે વૃક્ષ નીચે થઇ તે વૃક્ષો, લંછન, પીરામીડોમાં સાધના કેન્દ્ર, રાશી પ્રમાણે વટ વૃક્ષ, આયુર્વેદ જડીબુટ્ટીઓ, અષ્ટાપદની રચના વિષયે વિવિધ પ્રકારની જાણકારીઓ શ્રી સી.એમ. જૈન (બાબુજી) દ્વારા મેળવી. ભગવાન શ્રી આદિનાથ, શ્રી બાહુબલીની વિશાળ પ્રતિમાના દર્શન-વંદન કર્યા.

**૩ દિવસની સંપૂર્ણ યાત્રા પ્રવાસ બસના લાભાર્થી પરિવારો**

શ્રી પ્રવિણભાઇ જખુભાઇ નંદુ-નાના ભાડીયા (મે. હેપી-હોમ)
શ્રી કેતનભાઇ લક્ષ્મીચંદ સાવલા-ગઢશીસા (મે. વર્ધમાન ટ્રાવેલ્સ)
સૌ. કવિતા વિકાસ મ્હાત્રે (નગરસેવિકા, વો.ક્ર. ૪૯, ભા.જ.પા.)
શ્રી વિકાસ ગજાનંન મ્હાત્રે (નગરસેવક, વો.ક્ર.૫૦, ભા.જ.પા.)

**ત્રણ દિવસની નવકારશી :**

અ.સૌ. વિજયાબેન દીનેશ લોડાયા (અરીખાણા-ડોંબિવલી)

**ત્રણ દિવસની બપોરની સાધર્મિક ભક્તિ :**

૨-સદ્‌ગૃહસ્થ પરિવાર (ડોંબિવલી)

**ત્રણ દિવસની ચા-પાણીના લાભાર્થી પરિવારો**

શ્રી જયંતીલાલ જેઠાભાઇ મૈશેરી (લાલા-અમલનેર)
મે. સાંચી બિંદી હસ્તે : જીગ્ના છેડા (નાલાસોપારા)

**ત્રણ દિવસની સાંજની ચૌવિહાર ભક્તિના લાભાર્થી પરિવાર**

શ્રી લહેરચંદ પદમશી દંડ (લાલા-ડોંબિવલી)
શ્રી ચંદ્રકાન્ત હંસરાજ મુલજી લોડાયા (વારાપધર)

**સર્વે દાતા પરિવારો અને સર્વે કાર્યકર્તાના સાથ સહકારથી આ યાત્રા પ્રવાસનું સુંદર આયોજન પરિપૂર્ણ થયું. સર્વેની ખુબ ખુબ અનુમોદના સહ જય જિનેન્દ્ર ! જાત્રા-સુજાત્રા !!**

**લિ. કચ્છી જૈન સંઘ - લારકિન્સ નગર વતી**
**અ.સૌ. જીગ્ના વિજય છેડા (સુજાપર)**
**ઠાકરશી હેમરાજ દેઢીયા (શેરડી)**

## શ્રી શાંતિનાથજી ભગવાન દેરાસર લોનાવલા

લોનાવલાની મુલાકાતે જતાં આપણી શ્રી સહસ્ત્રાફણા પાર્શ્વનાથ દેરાસરે દર્શન કરવાનું ચૂકતા નથી.

જો થોડો સમય હોય તો મધુબની પાંચ બંગલે ૧૯૫૯ સાલમાં સ્થાપાયેલ શ્રી શાંતિનાથજી ભગવાન દેરાસરે અવશ્ય પધારવા જેવું છે. આદેશસર લોનાવલાના ઘોરીમાર્ગ જેવા મારકેટ રોડને અડી આવેલું છે. આર્ચીટિકટ સ્થાપત્યના બેનમૂન નમૂના જેથી દિવાલી બાગ સોનેટોરીયમ જે સ્વચ્છતા, સાદાઈ અને શાકાહારી જૈન ભોજન સુધ્ધાં કિફાયતી દરે બહારવાલાને પણ પીરસનાર એક માત્ર છે, તે દીવાળી બાગને બરાબર સામે છે.

મધુવાન અતિ શાંત વિસ્તાર છે, દેરાસર ટેકડીના ઢોળાપ ઉપર છે. દેરાસરની આજુબાજુ ફૂલોના મસ્ત મજાના ક્યારા છે જેનું કાળજી પૂર્વક જતન કરવામા આપે છે.

દેરાસરમાં પ્રવેશ કરતાં વિશાળ સ્વચ્છ સુશોભિત રંગમંડપ મન હરી લે છે. ગર્ભદ્વારામાં મૂળ નાયક શ્રી શાંતિનાથજી સાથે આજુબાજુ શ્રી મહાવીર સ્વામી તેમજ શ્રી આદેશ્વરજી ભગવાનની નયનરમ્ય શ્વેતપાષણની મૂર્તિઓ દિવ્ય છે.

પૂજારીની સતત હાજરી હોય છે તેથી પૂજા અર્ચાનાની સામગ્રી સહેલાઈથી ઉપલબ્ધ થાય છે.

ભીંતે ચાર તીર્થોના પટ આલેખેલા છે.

એક વાર તો દર્શન કરવા જવાની ખાસ ભલામણ છે.

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

## સંગીત ક્ષેત્રે જ્ઞાતિને ગૌરવ અપાવનારા શ્રી જયંતિ રાયશી ગોસર

હિંદી ચલચિત્રના સંગીતને મસમોટું યોગદાન કરવાવાળા આપણી જ્ઞાતિના શ્રી જયંતિ રાયશી ગોસરે (બાયઠ)ના હિંદી ચલચિત્રના સંગીતમાં ક્યાંના ક્યાં પહેંચડી ગયા અને 'દીલવાલે દુલ્હનિયા લે જાયેગેં' ની મશહૂર ધૂન 'તુઝે દેખા તો' પોતાના વાજીંત્ર ગિતાર ઉપર સ્વયં વગાડી ચિત્ર જગતમાં પોતાનું નામ અંકે કર્યું. એટલું જ નહીં વ્યસ્ત રૂટીનમાંથી સમય કાઢી જ્ઞાતિ માટે પોતાની ઓળખાણ પીછાણવાળા વાજીંત્રકાર અરે કલ્યાણજી આણંદજી સંગીતકાર જોડીના શ્રી આણંદજીભાઈને પણ લાવી મંચ ઉપર ખડાં કરી દીધાં. એમની પહોંચ અને વગનું શું કહેવું?

એમનું સમાજ પ્રત્યેનું સોનાની લગડી જેનું યોગદાન એ રહ્યું કે જ્ઞાતિને ફિલ્મી સંગીત પ્રત્યે ઘેલાં કર્યા. પ્રવેશ પત્ર પ્રાપ્ત કરવા પડાપડી થતી. ખેર, સર્વોત્તમ વાત એ બની કે જ્ઞાતિના નાના મોટાં તેમજ સજ્જન સન્નારીઓને વાજીંત્રના સુર સંગાથમાં મધૂર ગાતાં કરી નમણાશથી જ્ઞાતિ સમક્ષ ચમકાવ્યા. શ્રી જયંતિભાઈ ગોસર જ્ઞાતિ જનમાનસ ઉપર ધૂમકેતૂ સમ છવાઈ ઉઠ્યા.

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ


**આયરીસ બેંકવેટ** એ.સી. હૉલ

**Iris** Banquette

Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION

• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ – સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ

સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390
જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758
સરનામું : પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦.

રોકડની તંગીના જમાનામાં આકર્ષક ઑફર !
૨૦૦ થી ૨૫૦ જણવાળા પૂર્ણ પ્રસંગનું ધી બેસ્ટ આયોજન
માત્ર એકથી સવા લાખમાં !!!



રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૧) એન્ટીઑક્સિડન્ટ :** બીટાકેરોટીન, વીટામીન E અને C અને સેલેનીયમ એન્ટીઑક્સિડન્ટ્સ છે, આ અમુક ખાદ્યપદાર્થોમાં હોય છે.

બીટાકેરોટીન - ગાજર, બ્રોકોલી, લીલા શાકભાજીઓ મેથીમાં હોય છે.

વિટામીન - E કોર્ન અથવા કપાસિયાના તેલમાંથી માખણ, બ્રાઉન રાઇસ, સોયાબીન તેલ, વ્હીટજમે ઑઈલમાંથી મળે છે.

વિટામીન C - આવલા, લીબું અને મોસંબી જેવા સાયટ્રસ ફળો, સ્ટોબેરી, બ્રોકોલી, લીલામરી, મરચામાંથી મળે. સેલેનીયમ - દરિયાઈ ખાદ્યમાં પૂરતા પ્રમાણમાં હોય છે. અનાજના દાણા અને બીયામાંથી પણ મળે.

રાઈના બીમાં સેલેનીયમ અને મગ્નેશ્યમ હોય છે. એન્ટોઓક્સિડન્ટ, શરીરમાં ઉત્પન્ન થયેલ ફ્રી રેડીકલ્સનો નાશ કરે છે. આ ફ્રી રેડીકલ્સ શરીરના અંગોના કોષોને અને DNA ને નુકશાન કરે જેને લીધે કેન્સર, અને હાય બી.પી. હૃદયની બિમારીઓ, હાર્ટએટેક વગેરે થાય છે.

એન્ટીઓક્સિડન્ટ ધરાવતા પદાર્થો લેવાથી આ બિમારીઓથી બચી શકાય છે. વધારેમાં વધારે એન્ટીઓક્સિડન્ટ વાળા પદાર્થ હળદર, અર્જુનછાલ, તજ અને જામફળ છે.

**૨) કુદરતી સ્ટેરોઈડ :** કુદરતી સ્ટેરોઈડ શરીરની અમુક ગ્રંથીઓના સ્ત્રાવ છે. એ આપણને બિમારીઓથી બચાવે છે અને બિમારીઓ હોય તો તેમને કાબુમાં રાખે છે, રાહત આપે છે.

કુદરતી સ્ટેરોઈડ મેથીમાં, રાજગરામાં, જેષ્ટીમધ, આદુ અને શિબામ્બુમાં હોય છે.

જ્યારે બિમારી ખૂબજ હોય, તકલીફ વધુ હોય, ઈમરજન્સી હોય ત્યારે ડૉક્ટરો સ્ટેરોઈડ (કેમીકલ - આર્ટીફિસિયલ)ના ઈંજિક્શન કે ગોળીઓ આપે છે. એનાથી દમ, રયુમેટોઈડ આર્થરાઈડીસ (આમવાત) જેવી બિમારીઓ કાબુમાં આવે છે. પણ એવી આડઅસર હોય છે, શરીરને નુકશાન કરી શકે. ઉપર જણાવેલ કુદરતી સ્ટેરોઈડવાળી ચીજો નિયમિત લેવાથી સ્ટેરાઈડ મળશે અને આડઅસર નહીં થાય અને ફાયદો જ થશે.

**૩) મોસંબી :** મોસંબીએ લીંબુની જેમજ સાયટ્રસ ફળ છે. મધુર રસથી ભરપૂર હોય છે. તાજગી આપનાર, પુષ્ટિકારક, જીવનશક્તિ આપનાર અને રોગો પ્રતિકારક શક્તિ વધારનાર છે. મોસંબીમાં રહેલા ક્ષાર તત્વ રક્તની આમ્લતા ઓછી કરે છે. તેમાં પ્રોટીન ૧.૫%, ચરબી ૧ %, કાર્બોદિત પદાર્થ ૧૦.૯%, કેલશ્યમ ૦.૦૯%, ફોસ્ફરસ, લોહ, પ્રજીવક A અને C ૧૦૦ ગ્રામ ૬૩ મિ.ગ્રા. હોય છે. મોસંબીની પેશીઓ ચાવીને ખાવાથી દાંત મજબૂત થાય, તેના રેષાળતત્ત્વ કબજીયાત દૂર કરે. શરદીની પ્રકૃતિવાળા મોસંબીના રસમાં ૨ ચમચી આદુનો રસ મિક્સ કરી લઈ શકે. તાવમાં જ્યારે અન્ય ખોરાક લેવાનો ન હોય ત્યારે મોસંબીનો રસ પોષણ આપે છે. શક્તિ ટકાવી રાખે છે, ભૂખ લાગે છે, પાચનની તકલીફો દૂર થાય છે. મોસંબીના એસિડ આંતરડામાંના ટોક્સીન્સ બહાર કાઢે છે.

**૪) બદામ :** બદામમાં વિટામીન ઈ, મોનો અનસેચ્યુરેટેડ ચરબી (સારી ચરબી), મેગ્નેશ્યમ અને એન્ટઓક્સિડન્ટ હોવાથી લોહીનું ભ્રમણ સુધરે છે અને હૃદય માટે ખૂબજ ઉત્તમ છે. બદામમાં કોલેસ્ટ્રોલ બિલકુલ નથી હોતું. બદામનું સેવન કર્યાથી HDL કોલેસ્ટ્રોલ (સારું) ઘટાડવા સિવાય ખરાબ કોલેસ્ટ્રોલ - LDL કોલેસ્ટ્રોલ ઘટાડે છે.

રીસર્ચ જણાવે છે કે તે ડાયાબીટીઝવાલાઓની લોહીમાં સાકર ઘટાડે છે, એમાં ખૂબ રેષા પણ છે કે જે કબજીયાત મટાડે. પ્રોટીન પુષ્કળ હોવાથી પુરતું પોષણ મળે છે. ડાયાબીટીઝના દર્દીઓ નાસ્તામાં બીજું કાંઈ ન લેતા ફક્ત ૫-૧૦ બદામ લે તો પુરતુ પોષણ મળી રહે અને લોહીની સાકર ઘટે અને અન્ય ફાયદા પણ મળી રહે.

બદામ એ દુનિયાનું પોષણથી ભરેલ ખાદ્ય છે. એમાં બિટામીન E, કોપર, ફોસ્ફરસ, મેગ્નેશ્યમ, કેલશ્યમ અને વિટામીન B2 હોય છે. કોઈપણ ડ્રાયફ્રુટ કરતાં બદામમાં વધુ ફાયબર હોય છે ૭૦ ગ્રામમાં ૪ ગ્રામ ફાયબર છે. એમાં સૌથી વધુ એન્ટીઓક્સિડન્ટ હોય છે જે નુકશાનકારક ફ્રી રેડીકલ નો નાશ કરે છે. ફ્રી રેડીકલ્સ જ શરીરના કોષ અને DNA ને નુકશાન કરે અને હૃદયની બિમારી અને કેન્સર થઈ શકે છે. આમ બદામ કેન્સર અને હૃદયની બિમારીથી બચાવે છે.

બદામમાં ગ્રીનરી જેવા જ પોલીફેલોલ્સ હોય છે જે શરીરને નિરોગી રાખે છે. બદામ એ હેલ્થી નાસ્તો તો છે પણ સાથે ફાયબર, સારી ચરબી (મોનો અનસેચ્યુરેટેડ ફેટ) અને પ્રોટીન મળે જેથી પેટ ભરાયાનો સંતોષ મળે અને તેથી બીજું આરોગ્ય બગાડે તેવું ખાવાની ઈચ્છા નથી થતી. એટલે વજન પર પણ કંટ્રોલમાં આવે કે વજન ઘટાડે, અને મેટાબોલીક સીંડ્રોમ (હાઈ બી.પી., હાઈ સુગર, હાર્ટડીઝીસ, જાડાપણું વગેરે રીસ્ક ફેક્ટરનો સમુહ) થવા હેતું નથી.

બદામ છાલ સહિત ખાવી જોઈએ. દૂધપાકમાં આપણે છાલ કાઢી બદામ વાપરીએ છીએ તે યોગ્ય નથી. છાલમાં જ વધુ સત્વ હોય છે. તેલ-ઘીમાં તળેલી કે મીઠાવાળી બદામ ન ખાવી. મીઠું અને ઘી-તેલ કેલેરી વધારે છે, વજન વધારે અને

## સિંધીઓની હિજરતે સર્જ્યું આદિપુર-ગાંધીધામ સંકુલ

**ભાગલા સમયે ભાઈ પ્રતાપની પહેલથી કચ્છના મહારાવ શ્રી વિજયરાયજીએ શરણાર્થીઓને વસાવવા જમીનની ભેટ આપતાં કરાચીના વિકલ્પે કંડલાને મહાબંદર તરીકે વિકસાવવાના વ્યૂહને પણ તેની સાથે સાંકળી લેવાયો અને સર્જાયો એક અનેરો ઇતિહાસ**

ભાગલા સમયે પંજાબ અને બંગાળમાં લોહિયાળ કોમી રમખાણો થયાં તેની આગ આ બાજુ એટલે કે સિંધ, રાજસ્થાન-ગુજરાતમાં ઘણો સમય નહોતી ફેલાઇ. સિંધમાં હિન્દુ-મુસ્લિમ ભાઇચારો અને ખાસ તો સૂફીવાદી પરંપરા આ માટે જવાબદાર હતી.

છેવટે ન બનવાનું  બન્યુ અને હજારો સિંધી હિંદુ પરિવારોને હિજરત કરવી પડી. વતનની માટી સાથેના સદીઓ જૂની લાગણી અને લગાવ, વારસાગત જમીન-જાયદાદ, ઘરબાર, વેપાર-ધંધા અરે સુખ-સાહ્યબી છોડીને માત્ર પહેરેલાં લૂગડે મૂળથી ઉખડીને અનિશ્ચિતતાના ગર્ભમાં ધકેલાઇ જવાથી લાખો સિંધી પરિવારો પર શું નહીં વિત્યું હોય?

તેમણે ધાર્યું હોત તો પાકિસ્તાનમાં રહી શક્યા હોત. પણ ધર્મ આધારિત રાષ્ટ્રની મુસ્લિમ લીગની થિયરી અને એને પગલે બે કોમો વચ્ચે પડેલી માનસિક તિરાડે જે માહોલ સર્જ્યો હતો તેમાં ભારતીય સંસ્કૃતિ, સિંધીયત અને ધર્મસંસ્કારોની જાળવણી અસંભવ જણાતાં સિંધીઓ સમક્ષ હિજરત સિવાય બીજો કોઇ વિકલ્પ નહોતો. આખરે એક અંદાજ અનુસાર ૧૧થી ૧૩ લાખ જેટલા સિંધી પહેરેલા લૂગડે ભારતમાં નૂતન સિંધ વસાવવા આવ્યા.

ભારતે સિંધુપુત્રોને ગળે લગાડ્યા અને આજે ખૂણે ખૂણે વિખેરાઇને ભારતીયતાનું એક અંગ બની ગયેલા સિંધીઓને સાત દાયકા પહેલાં હિજરતનો નિર્ણય લીધો હતો તે વાજબી હતો એની પ્રતીતિ થઇ ચૂકી છે. રાજ્યસભાના ભૂતપૂર્વ સિંધી સભ્ય સુરેશ કેશવાણીએ આ સંદર્ભે એકવાર છાતી ઠોકીને એવું નિવેદન કર્યું હતું કે ભારતની સિંધી પ્રજા સિંધમાં હતી તે કરતાં વધુ સુખી અને સંપન્ન ભારતમાં છે. તો એકવાર જાણીતા સિંધી સાહિત્યકાર ડૉ. હરીશ વાસવાણીએ કહેલું કે સિંધ એક ખાબોચિયું હતું જ્યારે ભારત એક મહાસાગર છે.

---

બદામની પોષણ ક્ષમતા ઘટાડે છે. બદામમાં ફ્લેટીનોટડિસ હોય છે જે લોહીની નાળીઓના સોજાને અટકાવે છે. તેમાં રહેલા વિટામીન 'ઇ'થી ચામડીમાં ચમક આવે છે. એન્ટી ઓડિસડન્ટ અને એમીનો એસીડને લીધે ઇન્ફેક્શન અને બિમારીઓ સાથે શરીર લડી શકે છે.

**(૫) વાંચન - લેખન થી આરોગ્ય અને આયુષ્ય :** વાંચન અને લેખન (પત્રો, નિબંધ, પ્રવાસવર્ણન, લેખ, કાવ્ય, શાયરી વગેરે) કર્યાથી વ્યક્તિ માનસિક રીતે એક્ટીવ રહે છે. કાવ્ય, શાયરી, પ્રવાસવર્ણન ભલે તે પોતે જ ના લખી શકે પણ ક્યાંયથી વાંચેલું ટાકાવી એક સુંદર સંકલન જમા કરી શકે.

આ પ્રવૃત્તિથી વધતી ઉમરે મગજનું રક્ષણ થાય છે. આયુષ્ય વધે છે. અમેરિકન એકેડેમી ઑફ ન્યુરોલોજીએ ૨૯૪ લોકોની ૬ વર્ષ માટે દર વર્ષે યાદશક્તિની ટેસ્ટ લીધી હતી. જ્યાં સુધી તે લોકો જીવ્યા (સરેરાશ ૮૯ વર્ષ) ત્યાં સુધી આ ટેસ્ટનું પરિક્ષણ કરાયું. નાનપણમાં, યુવાનીમાં, વધતી ઉમરે પુસ્તકો વાંચેલા કે નહિ, લખાણની ટેવ હતી કે નહિં, મગજને ચકાશે, કસરત મળે એવી ક્રિયા, પ્રવૃત્તિ કરતા કે નહિં અને એ બધી પ્રવૃત્તિ હાલ કરે છે કે નહિં તેની નોંધ લેવાઈ. જેમના મૃત્યુ થતા તેમના મગજ ઓટોપ્સી દ્વારા તપાસવામાં આવતા.

આ અભ્યાસમાં એ જણાયું કે જેઓ પહેલા અને ઘડપણમાં મગજને કસરત મળે તેવી પ્રવૃત્તિ કરતાં તેમની યાદશક્તિ ઘણાં લાંબા ગાળે ધીરે ધીરે ક્ષીણ થઈ હતી. જ્યારે જેઓ આવી પ્રવૃત્તિ નહોતા કરતાં તેમની યાદશક્તિ જલ્દી ઓછી થઈ હતી, મગજની કાર્યશક્તિ ઝડપથી ઘટી હતી. અન્ય  એક પરિક્ષણમાં ત્રણ ગ્રુપ પસંદ કરાયા પરિણામે વારંવાર મગજને કસરત મળે એવી પ્રવૃત્તિ કરનાર 'શ્રેષ' ગ્રુપના લોકો કરતાં જેઓ સાધારણ મગજની કસરત મળે એવી પ્રવૃત્તિ કરનાર 'સાધારણ' ગ્રુપના લોકોમાં યાદશક્તિ ઘટવાનું પ્રમાણ ૩૨% વધુ જણાયું હવે જે લાકો કયારેક જ મગજને કસરત મળે તેવી પ્રવૃત્તિ કરતાં 'નહિંવત' ગ્રુપના લોકોની યાદશક્તિ, 'સાધારણ' ગ્રુપના લોકોની યાદશક્તિ કરતાં ૪૮% જેટલી ઝડપથી ઘટી તેવું જણાયું.

અમેરિકાના ''યેલ યુનિવર્સીટી''ના પરિક્ષકોએ ૫૦ વર્ષથી મોટી વયના ૩૬૩૫ લોકાનાં વાંચન અને એમના આયુષ્ય વિશે સંશોધન કર્યું. એમના સંશોધન મુજબ જેઓ ખૂબ વાંચન કરે છે તેઓ લાંબુ જીવે છે. આમ આ સર્વ સંશોધનોનું નિચોડ એ જ છે કે વાંચન-લેખનની પ્રવૃત્તિ વધારવાથી, ઘડપણમાં પણ યાદશક્તિ સતેજ રહેશે, અલઝાયમર્સ જેતી બિમારી દૂર રહેશે અને આયુષ્ય પણ વધશે.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

હા, સિંધીઓને પોતાનું એક અલગ રાજ્ય નથી એનો રંજ જરૂર છે. આઝાદીનો જંગ લડ્યા, જીત્યા અને છતાંયે વતન ખોયું એ વસવસો, એ પીડા તેમને આજેય સતાવી રહી છે. થરપારકરનો કેટલોક વિસ્તાર ઉપરાંત કચ્છ, બારમેર અને જેસલમેરના વિસ્તારોને ભેળવીને સિંધીઓનું એક અલગ રાજ્ય બને એવી નેમ કેટલાય નેતાઓએ ભાગલા પૂર્વે સેવી હતી પણ એ વિચાર આગળ વધી શક્યો નથી એનો ઇતિહાસ મોજૂદ છે.

કચ્છને સંબંધ છે ત્યાં સુધી મહાબંદર કંડલા અને ગાંધીધામ સંકુલના સર્જનનું નિમિત્ત સિંધી શરણાર્થી બન્યા છે એ એક ઐતિહાસિક ઘટના છે. ભારતના મુંબઇ પછીના બીજા નંબરના સૌથી મહત્ત્વના મહાબંદર તરીકે કંડલા વિકસી ચૂક્યું છે. આજે ગાંધીધામ કચ્છની આર્થિક રાજધાની તરીકે ઓળખાય છે એનાં મૂળમાં શરણાર્થીઓને આશ્રય અને રોજગારીની તકો આપવાની સાથે સાથે ભાગલાને લીધે કરાચી મહાબંદરની પડેલી ખોટ પૂરવા માટે કંડલાને મહાબંદર વિકસાવવાનો વ્યૂહ રચાયો હતો જે સફળ નીવડ્યો છે એ નોંધનીય છે.

સિંધુપુત્રોનું આશ્રયસ્થાન કચ્છ કેમ બન્યું એનોયે રસપ્રદ ઇતિહાસ છે. જાણીતા પત્રકાર નિર્મલ વાસવાણીએ 'કચ્છ તારી અસ્મિતા' ગ્રંથ અને પ્રો. રમેશ લુહાણાએ '૬૦ વર્ષના સંભારણા' નામક કચ્છમિત્રના પ્રકાશનોમાં સિંધી પ્રજાની ભાગલાની પીડાથી માંડીને કચ્છમાં વસવાટની સાથે સાથે ગાંધીધામ-કંડલા સંકુલના વિકાસમાં સિંધીઓએ ભજવેલા ભાગની વિગતે વાત કરી હતી.

આ અનુસાર ભાગલા પૂર્વે જ સિંધી નેતાઓને ગંધ આવી ગઇ હતી કે સિંધ પાકિસ્તાનમાં જવાનું છે તેથી આપણે ધર્મ-સંસ્કૃતિ-સિંધીયત બચાવવા ભારત સિવાય કોઇ વિકલ્પ નથી. આચાર્ય ક્રિપલાણી અને ભાઇ પ્રતાપ જેવા નેતાઓ ગાંધીજીના આશીર્વાદથી લાખો સિંધી પરિવારોના સ્થળાંતરની વ્યવસ્થા ગોઠવવામાં લાગી ગયા હતા. ભારત સરકારે 'ડાયરેક્ટર જનરલ ઓફ ઇવેક્યુએશન'ની ખાસ રચના કરી હતી, તે અંતર્ગત મુંબઇ રાજ્ય, કાઠિયાવાડ, રાજસ્થાન વિગેરે પ્રદેશોમાં નિરાશ્રિત વસાહતો કેમ્પો ઊભા કરવામાં આવ્યા હતા.

મુંબઇ નજીક કલ્યાણ પાસે પાંચ લશ્કરી વસાહતો સિંધીઓ માટે ફાળવાઇ હતી. તો ભારતના કમસેકમ ૨૦ શહેરોમાં શરણાર્થીઓ માટે કાચાં-પાકાં નિવાસ બાંધીને રાહતભાવે અપાઇ રહ્યા હતા. ૧૯૪૮ના અંત સુધીમાં જુદાં જુદાં રાજ્યો અને પ્રાંતોના શિબિરોમાં સાડાચાર લાખથી વધુ સિંધી આશરો લઇ ચૂક્યા હતા.

હવે કચ્છની વાત કરીએ તો કરાચીના વિકલ્પે કંડલાનો વિકાસ અને એમાં સિંધીઓને રોજગારી તેમ જ આશ્રયની તક પૂરી પાડવાના મુખ્ય પ્રણેતા પ્રતાપ મૂલચંદ ડીઅલદાસ હતા. ભાઇ પ્રતાપ નામે જાણીતા એવા આ સિંધી નેતાએ સિંધી પ્રજાને એક જ સ્થળે વસાવવા માટે ભારે પુરુષાર્થ કર્યો હતો. સિંધની લગોલગ આવેલા અને સદીઓથી એકમેક સાથે સંપર્ક ધરાવતા અને સિંધીયત જેવા જ રંગરૂપ સંસ્કૃતિ ધરાવતા કચ્છ પર પસંદગી ઉતારી, કહેવાય છે કે દાદાભોય નવરોજી પરિવારના ડૉ. મહેરબાનુએ ભાઇ પ્રતાપને કચ્છ માટે સૂચન કર્યું હતું. કરાચીથી મુંબઇ જતા પ્લેનમાં મહેરબાનુનો એકાએક ભેટો થઇ ગયો અને સિંધીઓને વસાવવાની વાત નીકળતાં કચ્છની ચર્ચા થઇ.

ભાઇ પ્રતાપે વાત મન પર લઇ લીધી. તેમણે દોડધામ આરંભી. ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલને વિશ્વાસમાં લીધા. કચ્છના મહારાવ શ્રી વિજયરાજજીએ અંજાર અને કંડલા વચ્ચેની લગભગ ૧૫૦૦૦ એકર જમીન ભાઇ પ્રતાપને 'નૂતન સિંધ' ઊભું કરવા માટે આપી દીધી. એવું નક્કી થયું કે બે નગરનું નિર્માણ કરવું, આદિપુર અને ગાંધીધામ.

આદિપુર મહદઅંશે રહેઠાણ વિસ્તાર તરીકે વિકસે અને ગાંધીધામ વેપાર-વણજનું મથક બને. નગર નિર્માણ માટે ઇટાલિયન આર્કિટેક્ટ મારીઓએ માસ્ટર પ્લાન તૈયાર કર્યો. નગર નિર્માણ માટે ૨૬મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ સિંધુ રિપ્લેસમેન્ટ કોર્પોરેશન (એસ.આર.સી.)ની રચના આચાર્ય કૃપલાણીના અધ્યક્ષપદે કરવામાં આવી. નાણાં ઊભાં કરવા એક-એક હજાર રૂા.ના શેર બહાર પડ્યા. ભારત સરકારે ૫૦ લાખનું રોકાણ કર્યું. પૂજ્ય ગાંધીબાપુના અવસાન બાદ ૧૨મી ફેબ્રુઆરીએ ગાંધીજીના અસ્થિ ફૂલ અહીં લાવવામાં આવ્યાં. કંડલાની ક્રીકમાં એનો અમુક અંશ પ્રવાહિત કરાયો. યોગાનુયોગ તો જુઓ કે એકતરફ ગાંધીજીના અસ્થિનું વિસર્જન થયું અને બીજીતરફ ગાંધીધામના સર્જનની પ્રક્રિયા શરૂ થઇ.

આ તબક્કે ભારત સરકારે એક ભારે દૂરંદેશીભર્યો નિર્ણય કર્યો. જે મુજબ ૪૩૨૦ એકર જમીન કંડલા પોર્ટ ટ્રસ્ટને અને ૨૬૦૦ એકર ભૂમિ એસ.આર.સી.ને વિતરિત કરી દીધી. કંડલા પોર્ટ ટ્રસ્ટ મહાબંદરના વિકાસ માટે નાણાં ખર્ચે અને જમીનનો વહીવટ કરે જ્યારે એસ.આર.સી., ગૃહનિર્માણ અને અન્ય સુવિધા વિકસાવે. પણ, ભાઇ પ્રતાપ માટે નગર નિર્માણનું કાર્ય આસાન નહોતું. તેમણે અઢી કરોડની શેર-મૂડીનું આયોજન તો એસ.આર.સી. માટે કર્યું. પણ એના માર્કેટિંગ માટે દેશ-વિદેશના સિંધીઓનો સંપર્ક કરવો પડ્યો. નગરવાસીઓને મકાન તથા દુકાનોની ખરીદી માટે સામે ચાલીને સરળ હપ્તાઓની લોન આપી અને તે માટે ખાસ

ગાંધીધામ કો-ઓપરેટિવ બેન્કની સ્થાપના ૧૯૫૧ના ઓગસ્ટ મહિનામાં કરી. આજે તો આ બેન્ક એક વટવૃક્ષ બની ગઇ છે.

પણ તેને લીધે ગાંધીધામ અને આદિપુરમાં ધીમે ધીમે વસાહતો સ્થપાતી ગઇ, જમાવટ થતી ગઇ. આદિપુર સહિતના રહેઠાણનાં મકાનો માત્ર એક માળના જ અગર તો બેઠા ઘાટના જ બનાવાયા. ભૂકંપ-પ્રતિરોધક ડિઝાઇન અગર તો ભૂકંપની શક્યતાને પહેલેથી જ ધ્યાને લેવાઇ હતી. તેથી ૨૦૦૧ના ધરતીકંપ વખતે પચાસ વર્ષ જૂનાં મકાનો અડીખમ ઊભાં રહી શક્યાં હતાં. થોડી એવી તિરાડો પડી હતી એ અલગ વાત છે. બન્ને નગર જોડિયા શહેર ૧૯૫૪ સુધીમાં ઊભાં થઇ ગયાં.

આજે તો આ જોડિયા નગરની એક આગવી પહેચાન પચરંગી શહેર તરીકે થઇ ચૂકી છે. કરાચીના વિકલ્પે વિકસાવાયેલ કંડલામાં મીટરગેજ પછી બ્રોડગેજ રેલવે હોય કે ફોરલેન (હવે સિક્સલેન) રોડ, ઓવરબ્રિજ જેવી અદ્યતન માળખાકીય સગવડો થઇ ચૂકી છે. ઇફકોથી માંડીને ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન જેવા અનેક સંસ્થાનો, થ્રી સ્ટાર હોટેલો, પ્રખ્યાત બ્રાન્ડના શોરૂમ, ટ્રાન્સપોર્ટ નગર, લાકડાંની શૉ મિલનો ઉદ્યોગ, કંડલા ફ્રી ટ્રેડ ઝોન. અન્ય કારખાનાથી સંકુલ ધમધમી રહ્યું છે.

ભારતની તમામ રાજ્યના લોકો અહીં આવીને વસ્યા છે. પંજાબી શીખ, જાટ, મારવાડી, બંગાળી, દક્ષિણ ભારતીય, આંધ્ર, ઓરિસ્સા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર... કહોને કે એક મિની ભારત ગાંધીધામ-આદિપુર, કંડલા સંકુલમાં ઊભું થઇ ગયું છે. કંડલા બંદર હજુયે પૂરપાટવેગે વિકસી રહ્યું છે.

ગાંધીધામ સંકુલના વિકાસમાં સિંધીઓનો એકથી વધુ રીતે ફાળો રહ્યો છે. ભાઇ પ્રતાપે શિક્ષણના બીજ પણ રોપ્યાં. ગાંધીધામ મૈત્રી મંડળની રચના કરીને આદર્શ મહાવિદ્યાલયનો આરંભ થયો. એ સાથે અન્ય ટ્રસ્ટો દ્વારા અંગ્રેજી માધ્યમની શાળાઓ અને બીએડ્ કોલેજ જેવી શિક્ષણ સંસ્થાઓ પણ અસ્તિત્વમાં આવી, પરંતુ આ બધામાં ઊડીને આંખે વળગે તેવી પ્રવૃત્તિ પ્રભુદાસ તોલાણી જેવા દાનવીર અને દીર્ઘદષ્ટિવાળા શિક્ષણવિદે હાથ ધરી અને આદિપુરમાં ૪૩ એકર જેટલા વિશાળ વિસ્તારમાં વિદ્યાધામ ઊભું કરી દીધું. આજે આ તોલાણી સંકુલ કચ્છની શિક્ષણ સુવિધાઓનું સીમાચિહ્ન બની ગયું છે. જો કે ડિગ્રી એન્જિનિયરિંગ અને તબીબી મેડિકલ કોલેજની હજુ ખોટ સાલે છે.

શિક્ષણની જેમ રમતગમત ક્ષેત્રેય ગાંધીધામ કચ્છમાં સૌથી આગળ છે. ટેબલ ટેનિસ, બેડમિન્ટન, સ્વિમિંગ અને બોડી બિલ્ડિંગ જેવી રમતોની માળખાકીય સુવિધાઓ આધુનિક ઢબે વિકસાવાઇ છે. તેથી આ રમતોની રાજ્ય નહીં, પરંતુ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ પણ અવારનવાર યોજાતી રહી છે. કચ્છનું ટર્ફ વિકેટવાળું પ્રથમ ક્રિકેટ મેદાન પણ ગાંધીધામમાં થયું હોવાથી રણજીટ્રોફીની મેચોયે રમાતી થઇ છે.

અહીં કચ્છી અને સિંધી પ્રજાની લાક્ષણિક્તાઓની તુલનાયે કરવા જેવી છે. જેમ કચ્છીમાડુ રાખમાંથી બેઠા થવાનું ઝનૂન અને ખમીર ધરાવે છે અને કોઇપણ કપરી સ્થિતિનો સામનો કરીને જીવનનો જંગ હસતે મોંએ ખેલે છે તેમ સિંધી પ્રજાયે પણ પુરવાર કરી દીધું છે કે પહેરેલે લૂગડે બેવતન થયા પછીયે ગર્વથી અસ્તિત્વનો જંગ ખેલીને જિંદગી પર તેમણે જે જવલંત વિજય મેળવ્યો છે એનો જોટો જડે તેમ નથી.

આ પ્રજા મહેનતકશ પ્રજા છે. પરિશ્રમ અને સહનશીલતા એમના લોહીમાં ભળેલાં છે. એમની વ્યાપારી કુશળતા વિશે એમ કહેવાય છે કે ભાવોભાવ માલ વેચી નાખીને બારદાનમાંથીયે સોનું પેદા કરતી આ પ્રજા છે.

સિંધથી ભારત આવીને ક્યારેય કોઇ સિંધીએ ભીખ માગી નથી. કુમળાં બાળકોએ પણ મહેનત-મજૂરી કરીને શાનથી ગુજરાન કર્યું છે. કચ્છ, સૌરાષ્ટ્ર કે ગુજરાતમાં જ નહીં સમગ્ર ભારતનાં રાજ્યોમાં જ્યાં પણ સિંધી ગયા ત્યાં ધીમે ધીમે પગદંડો જમાવીને વેપાર-વણજ વિકસાવવામાં કમાલની સિદ્ધિઓ મેળવી છે. બે પાંદડે થયા પછી સિંધીઓ દેશની સરહદો પાર કરીને અખાતી દેશોમાં અને તેમાંયે ખાસ કરીને દુબઇમાં વેપારાર્થે જતા અચકાયા નથી તો એમની યુવા પેઢી બ્રિટન, અમેરિકા કે અન્ય વિદેશી ધરતી ખૂંદીને વૈશ્વિક ઓળખ મેળવી ચૂકી છે.

ખેર, મૂળ મુદ્દો ૧૯૭૧ના યુદ્ધ સમયની અને ભાગલા વખતની હિન્દુઓની હિજરતનો હતો. સિંધથી ૧૧થી ૧૩ લાખ સિંધી પ્રજાએ ભારતમાં આશ્રય લીધો તે પૈકી કચ્છમાં તો માત્ર પંદરેક હજાર સ્થાયી થયા. પણ, આ જ ઘટના કંડલા અને ગાંધીધામના વિકાસનું નિમિત્ત બની છે એ કચ્છ માટે તો એક અમૂલ્ય નજરાણું છે. ગાંધીધામના પ્રણેતા ભાઇ પ્રતાપે કહેલું કે સિંધી શરણાર્થી નથી, પરંતુ પુરુષાર્થી છે. આ વાત સિંધી પ્રજા કચ્છથી કેનેડા સુધી... વૈશ્વિક સ્તરે પુરવાર કરી ચૂકી છે.

– **કીર્તિ ખત્રી**, મુંબઈ સમાચારમાંથી સાભાર


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**માટુંગા.** ફોન : 2402 5070 / 86522 39537

- **સાચી /ટેસ્ટેડ જરીની સીડીઓ - ચણીયા ચોલી**
- **ઘરચોળાની બોર્ડરો - ભારે પાનેતર**
- **પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ**
- **તૈયાર તેમજ ઓર્ડરથી પણ**

**સોમવારે બંધ**

# ઑસ્લોની અસ્મિતા

જંગલો, ડુંગરો અને તળાવોથી ઘેરાયેલું નોર્વેનું પાટનગર ઑસ્લો પ્રાકૃતિક સમૃદ્ધિને જાળવી રાખનારું આધુનિક શહેર છે. વસવા માટે દુનિયાનાં ઉત્તમ શહેરોની યુનોએ બહાર પાડેલી યાદીમાં ઑસ્લો ત્રીજા ક્રમે આવે છે. આ શહેર જોવા સાથે જેના માટે નૉર્વે પ્રસિદ્ધ છે તે ફ્યૉર્ડનો અનુભવ લેવામાં અમને બહુ રસ હતો. ઊંચી પહાડીઓની વચ્ચે આવેલી સમુદ્રના સાંકડી, લાંબી ખાડીને ફ્યૉર્ડ કહે છે. ગ્લેશિયરોએ એટલે વિશાળ હિમશિલાઓએ ફ્યૉર્ડની રચના કરી છે. હિમયુગમાં પૃથ્વી પર ચારેકોર બરફ છવાયેલો હતો. વખત જતાં ગ્લેશિયર ધીમે ધીમે ખસકવા માંડી. આ ક્રિયા દરમિયાન ઊંડી ખીણો કોતરાણી અને ફ્યૉર્ડ અસ્તિત્વમાં આવી. નોર્વેમાં આવી ઘણી ફ્યૉર્ડ છે. સૌથી લાંબી ફ્યૉર્ડ ૨૦૪ કિલોમીટર લાંબી છે. ફ્યૉર્ડોએ નોર્વેને અપૂર્વ સુંદરતા બક્ષી છે. હરવાફરવા માટેના દુનિયાનાં ઉત્તમ સ્થળોમાં નોર્વેનું સ્થાન આ ફ્યોર્ડોને લીધે જ સુનિશ્ચિત થયું છે. શહેરની સુંદરતા તો ખરી જ.

ઍરપોર્ટથી બસમાં બેસી અમે શહેરના હાર્દમાં પહોંચ્યા. જૂનાં મકાનો, દુકાનો અને રૅસ્ટોરાંવાળુ શહેરનું હાર્દ આંખોને ગમી જાય એવું છે. ઘણાં આકર્ષણો ત્યાંથી પગે ચાલીને જોઈ શકાય તેટલાં નજીક છે. અમે સેન્ટરથી ઊંચે-નીચે જતા રસ્તા પર ચાલતાં એક લીલાધમ ઉપવન સુધી પહોંચ્યાં. ત્યાં તોતિંગ વૃક્ષો ઊભાં હતાં અને નાનકડા તળાવમાં બતક તરતાં હતાં. ઉપવનના એક છેડે રાજમહેલ હતો. આ મૂક છતાં અસરકારક સૌંદર્ય પ્રથમ પગથિયે અમારાં દિલ જીતી લીધાં.

ઑસ્લો ફ્યૉર્ડ તથા એમાં આવેલા હરિયાળા ટાપુઓ ઑસ્લોની બહુ નજીક છે. એમના સુધી ફેરીમાં જઈ શકાય છે. ઈચ્છા હોય તો ટાપુ પર ઉતરીને થોડો સમય ગાળી શકાય છે. અમે ઑસ્લોના બંદર પર જઈને ફેરી લીધી, જેની સફર બે કલાકની હતી. પાણી પર શાંતિથી સરકતી હોડીમાંથી ફ્યૉર્ડનું ચિત્રમય વાતાવરણ બહુ આહલાઈક લાગ્યું. ટાપુઓ પાસેથી પસાર થવાની અને એમાં આવેલાં ઘરો નિહાળવાની મજા પડી. પીળા, ઘેરા, બ્લુ, લાલ વગેરે ઉઠાવદાર રંગોએ ઘરો શીઘ્ર ધ્યાન ખેંચતા હતાં. ટાપુ પર અલગ તરી આવતાં હતાં.

ઑસ્લોમાં જાહેર પરિવહન માટે બોટ પણ વપરાય છે. આવી બોટમાં સામાન્ય ટિકિટ લેવાની હોય છે. ફ્યૉર્ડના કિનારાને માણવા ફરી એક બોટમાં બેસીને અમે એક ટાપુ પર ઊતરી ગયાં. થોડીવાર કાંઠા પર ચાલવાનો આનંદ લીધો. ત્યાં સ્વિમિંગ અને ક્યાકિંગ જેવી જળક્રિડાઓ કરી શકાતી હતી. કિનારા પર આવેલી રૅસ્ટોરાંના ખુલ્લા ભાગમાં બેસીને તાજગીદાયક વાતાવરણ અમે માણ્યું. એકાદ કલાક પછી બોટ પાછી આવી. તેમાં બેસીને અમે ઑસ્લો પહોંચી ગયાં. અહીંના લોકો ખૂબ મળતાવડા અને મદદ કરવા તત્પર હોય છે. નકશા જાવાની માથાઝીંક કરવાને બદલે અમે લોકોને જ રસ્તા વિશે પૂછી લેતાં. ભોજન માટે એક સ્ત્રીએ અમને વિગન રેસ્ટોરાં બતાવી ત્યારે તો અમને બખ્ખાં થઈ ગયાં ! નજર સામે પથરાયેલા શાકાહારી બૂફે ભોજનની વાનગીઓ જોતાં અમે નક્કી કરી લીધું કે જમવા માટે તો રોજ અહીં જ આવવું.

વાઈગલેન્ડ સ્કલ્પ્ચર પાર્ક એક કળાદ્વારે બનાવેલો દુનિયાનો સૌથી મોટો શિલ્પકળાનો પાર્ક છે. નોબેલ શાંતિ ઈનામના મેડલની ડિઝાઈન બનાવનાર શિલ્પકાર ગુસ્તાવ વાઈગલેન્ડે કાંસા, ગ્રેનાઈટ અને રૉટ આયર્નમાં કંડારેલી ૨૦૦થી વધુ શિલ્પકૃતિઓ આ પાર્કમાં છે. મધ્યમાં નયનરમ્ય ફુવારો છે. પાર્ક ખૂબ વિશાળ અને સુંદર છે. જિંદગીના વિવિધ રંગો રજૂ કરતી નગ્ન માનવ આકૃતિઓને અમે પાર્કમાં ફરીને નિહાળી. ઑસ્લો આવતા દરેક પર્યટકની યાદીમાં વાઈગલેન્ડ પાર્કનું નામ હોય છે તેથી ત્યાં પર્યટકોનાં ટોળાં હતાં.

હોલમેનકોલન નેશનલ સ્કી અરેના સ્કિઈંગના શોખીનો માટે આધુનિક સગવડો ધરાવે છે. બસમાં શહેરના હાર્દમાંથી સ્કી અરેના પહોંચતાં અમને અડધો કલાક લાગ્યો. દર શિયાળામાં અહીં નોર્ડિક વર્લ્ડ કપ માટેની સ્કિઈંગ સ્પર્ધાનું આયોજન થાય છે. અહીં આવેલો સ્કી જમ્પ એક રાક્ષસી બાંધકામ છે. એને જોતાં અમને ડાયનોસોરની યાદ આવી ગઈ. એને બનાવવામાં એક હજાર ટન સ્ટીલ વપરાયું છે અને એની ઊંચાઈ ૬૦ મીટર છે. એલિવેટરમાં છેક ઉપર સુધી જવાતું હતું. ઑસ્લો શહેરના વિહંગાવલોકન માટે આ શ્રેષ્ઠ જગ્યા છે. અહીં આવેલું સ્કિઈંગ મ્યુઝિયમ માહિતીપ્રદ અને રસપ્રદ છે. મોડર્ન ટેક્નોલોજી શું કરી શકે છે તેનું આ સ્કી અરેના ઉત્તમ

ઉદાહરણ છે.

ઑસ્લોમાં પચાસેક મ્યુઝિયમ છે. સિટી હૉલ પાસેથી બોટમાં બેસીને અમે સામે પાર વાઈકિંગ મ્યુઝિયમમાં ગયાં. યુરોપિયન ઈતિહાસમાં આઠમી સદીથી અગિયારમી સદીના મધ્ય ભાગ સુધીના ગાળાને વાઈકિંગ એજ તરીકે ઓળખાય છે. તે સમયે ઉત્તર યુરોપના દરિયાખેડુઓનું દરિયા પર વર્ચસ્વ હતું. તેઓ બીજા દેશો વેપાર કરવાની સાથે ચાંચિયાગીરી પણ કરતા.

વાઈકિંગ તરીકે ઓળખાતા મ્યુઝિયમમાં ત્રણ ખરેખરાં વાઈકિંગ વહાણ જોવા મળ્યાં જે હજારેક વર્ષ જૂનાં હતાં. એ જ્યાં દટાયેલાં હતાં ત્યાંથી સોએક વર્ષ પહેલાં ખોદી કાઢવામાં આવ્યાં હતાં. વાઈકિંગ મૃત્યુ પામતા ત્યારે તેમની પ્રિય વસ્તુઓ, વાનગીઓ અને દાસીઓ સાથે તેમને વહાણમાં દાટવામાં આવતા.

વાઈકિંગ મ્યુઝિયમથી થોડે દૂર એક પરિસરમાં ત્રણ મ્યુઝિયમ આવેલાં છે, કોન-ટિકી, ફ્રામ, શિપ અને મેરીટાઈમ. ધ્રુવીય શોધખોળ માટે બંધાયેલા નૉર્વેના પહેલા જહાજનું નામ ફ્રામ હતુ. તેના પરથી ફ્રામ શિપ મ્યુઝિયમનું નામ રાખવામાં આવ્યું છે. ધ્રુવીય એક્સપિડિશનમાં રસ ધરાવનારાઓને ગમે તેવું આ મ્યુઝિયમ છે. લાઈટ અને સાઉન્ડની અસરથી ધ્રુવપ્રદેશનું બહુ બ્રિટનના ઘણા લોકોએ પ્રતિકૂળ સંજોગોનો સામનો કરી ધ્રુવ લેનારા વિરલાઓને અમારાથી આપોઆપ સલામી અપાઈ ગઈ. ટોર હેયરડાલ નામના નાર્વેજિયને સન ૧૯૪૭માં કોન-ટિકી તરાપા પર પેસિફિક સમુદ્ર લાંઘ્યો હતો તેની સિદ્ધિઓને બિરદાવતું કોન-ટિકી મ્યુઝિયમ બાજુમાં જ હોવાથી અમે એની મુલાકાત લીધી. ત્યાં અમને નવું જોવા-જાણવાની મજા આવી. વહાણવટા, માછીમારી અને દરિયાઈ હકીકતો વિશેનું મ્યુઝિયમ એટલે મેરીટાઈમ મ્યુઝિયમ.

મેરીટાઈમ મ્યુઝિયમના પાછળના ભાગમાં ફ્યોર્ડ હતી એના કાંઠે જરા વાર બેસીને સમુદ્ર, પક્ષીઓ અને લાંગરેલી સ્ટીમરને શાંતિથી નિહાળ્યા.

કુદરત પર દરેક માનવીનો સરખો અધિકાર છે એવું નોર્વેમાં માનવામાં આવે છે. તેથી ફ્યોર્ડ પરના બધા બીચ પર સૌ કોઈને પ્રવેશ મળે છે. ત્યાં તમે કપડામાં કે કપડાં વિના જઈ શકો છો. આ દરિયાકિનારો નાનો પણ સરસ છે.

ઑસ્લોનો અવિસ્મરણીય અનુભવ લઈ અમે ભારત આવવા પ્લેનમાં બેઠાં. પ્લેન ધીમે ધીમે ઊંચે ચડવા લાગ્યું. ઑસ્લોની વિદાય લેતાં હું નીચેથી પસાર થતું આ શહેર બારીમાંથી જોઈ રહી હતી. જાણે અમને છેલ્લી ભેટ મળતી હોય તેમ અત્યાર સુધી જોયેલા દૃશ્યોને ટક્કર મારે તેવું દૃશ્ય નીચે દેખાયું. સમુદ્ર અને સમુદ્રમાંથી નીકળીને પર્વતોમાં જતી ફ્યોર્ડોને સમગ્રતયા દર્શન થતું હતું જે અલૌકિક હતું.

● ઑસ્લો પાસ લેવાથી સાર્વજનિક વાહનોમાં મુસાફરી ઉપરાંત ઘણાં મ્યુઝિયમ અને અન્ય જગ્યાઓ એ વિનામૂલ્ય પ્રવેશ મળે છે. એક દિવસનો પાસ પણ મળે છે. ઑસ્લો જોવાનો એક સુંદર પર્યાય સાઈકલ ભાડે લેવાનો છે, કેમ કે જોવાલાયક સ્થળો વચ્ચે લાંબું અંતર નથી.

● ઑસ્લો મોંઘું શહેર છે, તેથી રહેવા માટેનું બજેટ થોડું ઢીલું રાખવું જરૂરી છે. હૉટેલ કરતાં ત્રણ-ચાર દિવસ માટે અપાર્ટમેન્ટ ભાડે લેવો કિફાયતી પડે છે.

● લોકો મળતાવડાં છે છતાં મૈત્રીનો ડૉળ કરનારા ગઠિયાઓથી ચેતવું.

– **ચંદ્રિકા લોડાયા**, જન્મભૂમિમાંથી સાભાર

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## વારાપધરમાં લાલકા પરિવારની સમુહ પહેડી તથા ઝંડા (બાલ મુંડન)

વારાપધ્ધરમાં બીરાજમાન લાલકા પરિવારના કુળદેવી ચામુંડા માતાજીની સાતમી પેડી દાતા પરિવાર **નિર્મલાબાઈ ખેતશી લાલકા** હસ્તે **ભાવના નિતીન** તથા **ગૌતમભાઈ** (ડોંબિવલી) સાથે **દીવેશભાઈ નવીનચંદ લાલકા** (થાણા) સુપુત્રનાં ઝંડા ઉતારવાનો કાર્યક્રમ. બહાર ગામથી પધારેલ ભાવિકો તેમજ આમંત્રીત મહેમાન સાથે સારી રીતે થયેલ.

**તા. ૧૩/૧૧**નાં ભલારાદાદાનો પાઠ, માતાજીની ભાવના, રાત્રે ગીતરાશ તેમજ **તા. ૧૪/૧૧**નાં **"માતાજીની હવન" "ગંધી બદલવાનું"** તેમજ ઝંડા ઉતારવાનો કાર્યક્રમ થયેલ.

ભુઈમા **ગુણવંતીબાઈ કાનજી લાલકા**, બાંડીયા/(વડોદરા) હસ્તે **રાજેશ કાનજી લાલકા** માતાજીનાં સ્થાનમાં પેડી - પ્રસાદ - હવન કરવા ૩૨ નંગ વાસણોનો સેટ તેમજ આરતી સાથે ભેટ મળેલ છે. કાર્યક્રમની વ્યવસ્થા રાજેન્દ્રભાઈ, કુસુમકાંત, કાન્તીલાલ, ઉમરશીભાઈ, રાકેશ, તિલક તેમજ શ્રી પદમશીભાઈ એ હીસાબ ભાવિકો સમક્ષ રજુ કરેલ. સ્થાનિક ભાઈઓ તેમજ વારાપધ્ધરનાં પુજારી હેમંતભાઈ તથા શીવુભા દરબાર તરફથી સારો સાથ સહકાર મળેલ. સર્વેનો આભાર.

**કુળદેવી ચામુંડામા લાલકા પરિવારના જય માતાજી**

## આ કામ તો પુરુષનું જ અને પેલું કામ સ્ત્રીનું એવી વિચારધારા ક્યારે સમાપ્ત થશે ?

જેન્ડર બાયસ એટલે કે કોઈ પણ જાતિ પ્રત્યેનો પક્ષપાત હજીયે, આજના કહેવાતા મૉડર્ન યુગમાં પણ પ્રચલિત છે જ ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગમાં વડાં ડૉ. રંજના હરીશે ફેમિનિઝમને નવેસરથી વ્યાખ્યાયિત કરતું પુસ્તક લખ્યું છે. તેઓ કહે છે, 'જેન્ડર બાયસ એટલે કે કોઈ પણ એક જ્ઞાતિ પ્રત્યેનો ખેંચાવ. એવું પણ ખરું કે જ્યારે પણ 'જેન્ડર બાયસ' શબ્દોને પ્રયોગ થાય એટલે લોકો એમ જ માની લે છે એ માત્ર સ્ત્રીઓના હકન જ વાત કરી રહ્યા છે. સાચા અર્થમાં જેન્ડર બાયસ શું છે એ સમજવાની કોશિશ પણ નથી કરતા. વ્યક્તિ જ્યારે જન્મે ત્યારે બાયોલૉલિકલી નર કે માદા હોય છે. તે જ્યારે સમાજમાં વિકાસ પામે જ્યારે તેને સ્ત્રી અને પુરુષ ક્યાં કામો કરવાં જોઇએ એની સમજ આપવામાં આવે છે. આ જાતિને એક વ્યક્તિ તરીકેનો વિકાસ આપવામાં જ નથી આવતો. તેથી જેન્ડર બાયસનો પ્રશ્ન ઉદ્‌ભવે છે.'

'કી એન્ડ કા' 'હમણાં હાઉસ-હસબન્ડ પર જે ફિલ્મ આવી રહી છે એ કન્સેપ્ટ ભારતમાં આવતાં વર્ષો લાગી શકે છે, કારણ કે યુનિવર્સલ ફૅક્ટ એ છે કે પુરુષને માત્ર પર્ફોર્મન્સ (સેક્સ્યુઅલ પર્ફોર્મન્સ) અને અર્નિંગ (કમાવા) ની જ ચિંતા હોય છે. તેથી આ બે કામમાંથી કોઈ એકમાં પણ પુરુષ નિષ્ફળ જાય એટલે તેનામાં ડિપ્રેશન આવે છે, જ્યારે સ્ત્રીની પર્ફોર્મન્સની બાબતમાં ગણના જ નથી થતી. તેથી સ્ત્રી આ બે કામમાં નિષ્ફળ જાય તો ચિંતા નથી કરતી. સ્ત્રીનો સંઘર્ષ જ્યારે સ્ટીરિયોટાઈપ તોડે ત્યારે શરૂ થાય છે. એટલે જેન્ડર બાયસનું મૂળ વ્યક્તિના મનમાં નાનપણથી જ નાખવામાં આવે છે. મહેશ દત્તાણીનું આ વિષય પર એક બહુ જ સરસ નાટક છે. તેમણે 'ડાન્સ લાઈફ અ મૅન'માં આ જ મુદ્દો બતાવ્યો છે. પુરુષ ડાન્સ બને એ સહજ રીતે સ્વીકારી ન શકાય.'

કન્યાની વિદાય વખતે તેનાં આંસુને સહજ રીતે સ્વીકારી શકાય, પરંતુ પુરુષોનાં આંસુને ન સ્વીકારી શકાય. જે પુરુષો પોતાના પરિવારને વર્ષો સુધી મળી નથી શકતા, પરિવારના ભરણપોષણ માટે તેમનાથી દૂર રહે છે તેમની ગાથા કોઈ નથી ગાતું એમ જણાવતાં લેખક અને ડિરેક્ટર સંજય છેલ કહે છે, 'સ્ત્રી એટલે બલિદાન અને ત્યાગની મૂર્તિ એમ માની લેવાય' પરંતુ પુરુષો પિતાના મૃત્યુ પછી પણ જાત ઘસીને દેવું ચૂકવે, જીવન પરિવાર માટે ખર્ચી નાખે એની નોંધ લેવાતી નથી. જેન્ડરને લઈને સમાજ એકાંગી બની ગયો છે. નો ડાઉટ, સ્ત્રીઓએ બહુ જ ભોગવ્યું છે અને તેમના માટે હકની માગણી કરવામાં આવે એમાં કોઈ જ વિરોધ નથી, પરંતુ અહીં જેન્ડર બાયસ એ ફીમેલ બાયસ બની રહે છે. પુરુષને રડવાની છૂટ નથી, ફરિયાદ કરવાની છૂટ નથી, પોતાનું દુઃખ શૅર કરવાની છૂટ નથી. આના લીધે કેટલાય પુરુષો શરાબનો સહારો લેતા થઈ જાય છે અને ડિપ્રેશનનો ભોગ બની રહ્યા છે.'

અર્થાત્ જેન્ડર બાયસ ફીમેલ બાયસ બનીને રહી જાય છે. આ વિષય પર મીઠીબાઈ કૉલેજનાં સોશ્યોલૉજીનાં પ્રોફેસર ડૉ. ખેવના દેસાઈ કહે છે, 'જેન્ડર બાયસના સાચો અર્થ એ છે કે કોઈ પણ એક જેન્ડરને ફેવર કરવી. એમાં હોમોસેક્સ્યુઅલ પણ આવી જાય. પરંતુ આજે પણ જેન્ડર સ્ટડીઝ અને વિમન્સ સ્ટડીઝ પર ડિબેટ ચાલુ જ છે. એકદમ સરળ શબ્દને ખૂબ જ જટિલ બનાવીને ચર્ચા કરનારાઓ ચર્ચા કરે છે. એવી જ રીતે જેન્ડર ડિસ્ક્રિમિનેશન (જાતીય ભેદભાવ) પણ થાય છે જે સદીઓથી ચાલ્યું આવ્યું છે અને લોકોનું કન્ડિશનિંગ જ એવી રીતે થયું છે કે તેઓ પુખ્ત થશે ત્યાં સુધીમાં તેમનામાં જેન્ડર બાયસનેસ આવી જ જશે. આમાં રાતોરાત બદલાવ આવવાનો નથી.'

જેન્ડર બાયસની માનસિકતામાં બદલાવ લાવવા માટે બાળક જન્મે ત્યારથી મહેનત કરવી પડે એમ જણાવતાં ડૉ. રંજના કહે છે, 'સ્કૂલમાં અભ્યાસક્રમમાં જે સ્ત્રી અને પુરુષોની ભૂમિકા અને કામને ભણાવવામાં આવે છે તે જ પક્ષપાત વગરનાં હોવાં જોઇએ. મમ્મી એટલે જમનવાનુ જ બનાવે અને પિતા એટલે બહાર નોકરી કરવા જાય એ હવે બદલાવું જોઇએ. શિક્ષણથી આ બદલાવની શરૂઆત કરી શકાય.'

સોશ્યોલૉજીનાં પ્રોફેસર ડૉ. ખેવના કહે છે, 'આજે હસબન્ડ ઘરનું કામ કરતો હોય કે ઘરજમાઈ હોય એવી સિરિયલને કૉમેડીનું રૂપ આપવાના બદલે પ્રશંસા કરવી જોઇએ. મીડિયા, જાહેરાતો અને સ્કૂલ આ માનસિકતામાં બદલાવ લાવી શકે. જોકે બદલાવ તો આવી જ રહ્યો છે. હવે પછીની જે પેઢી છે તેમનામાં જેન્ડર બાયસની વ્યાખ્યા સ્પષ્ટ હશે. જૂનો ચીલો તોડવાની શરૂઆત ધીમી ગતિએ થઈ જ ગઈ છે.'

**– લક્ષ્મી વનિતા,** મિડ-ડેમાંથી સાભાર

# પરીક્ષા

– હરિશ્ચંદ્ર

બે વાગી ગયા. હજી રીના કેમ ન આવી ?

હું રીનાની આતુર મને રાહ જોતી હતી. દસમીની પરીક્ષા આપી રહી હતી. આજે બીજ ગણિતનું પેપર હતું. રીનાનો માનીતો વિષય. તેણે મહેનત પણ ઘણી કરી હતી. કહેતી હતી, 'આ વખતે નેવું માર્ક્સ તો ઓછામાં ઓછા લાવવા જ છે.'

હું બારણું ઉઘાડીને જ બેઠી હતી. રીનાનું હસતું મોં મારે જલદી જોવું હતું. અને એ હસતી-કૂદતી આવી 'મમ્મી' કહેતી મને વળગી પડી.

'અરે, બોલ તો ખરી, કેટલા માર્કસ લાવવાની ?'

'પૂ...રા... પંચાણું. તેમાં એક ઓછો નહીં.'

'શાબાશ! મારી દીકરી શાબાશ!' હેતથી મેં એને ચૂમી લીધી.

ત્યાં અમારા પડોશની સોનાલી આવી. મેં એને પૂછ્યું : 'પેપર કેવું ગયું ?'

'સુપર્બ!' એ પણ ઘણી ખુશ દેખાતી હતી.

તેની પાછળ તેની મમ્મી પણ આવી. તેને જોઈ બોલી, 'અરે, મમ્મી! આજે તો કાંઈ જ બહારનું નહોતું. બધું જ બધું હું જાણતી હતી. લખવામાં મજા આવી ગઈ!'

તે મા-દીકરી ગયાં પછી મેં રીનાને પૂછ્યું, 'આ લોકો શું વાત કરતાં હતાં ?' બહારનું નહોતું એટલે શું ?'

'મમ્મી, એમને પેપર પહેલેથી મળી ગયું હશે. પરીક્ષામાં એ જ આવ્યું. એટલે કશું બહારનું નહીં.'

'એમ પહેલેથી કેવી રીતે મળી જાય ?'

'અમારા સેન્ટર પર ઘણી છોકરીઓ પાસે પેપર હતું. એકે મને બતાવ્યું કે આ પ્રશ્ન આવવાનો છે. પણ મેં તે તરફ ધ્યાન જ ન આપ્યું. પરંતુ ઘણા કહેતા હતા કે આજનું પેપર ફૂટી ગયું હતું.'

'હા, બેટા! આપણે તો મહેનત કરીને જ ભણવાનું.'

મારી દીકરી બહુ જ હોશિયાર છે, બહુ જ મહેનતુ, કોઈ ટ્યુશન નહીં, જાતે જ મહેનત કરે. પડોશની સોનાલી તો રખડુ છે. નવમીમાં એક વાર નાપાસ પણ થયેલી. આ વરસે ખાસ ટ્યુશન પણ રાખેલું. પણ આખો વખત નવા નવા ડ્રેસ પહેરીને બહાર જ ફરતી હોય. મેં એને ક્યારેય ચોપડી લઈને બેઠેલી જોઈ નથી.

જમીને રીના બોલી : 'મમ્મી, હું જરીક બાજુમાં જઈને આવું.'

'કેમ, કાલની તૈયારી કરવી નથી ?'

પડ્યો બોલ એનો ઉપાડી તો જો,
ઝૂકી સ્હેજ આંખે અડાડી તો જો.

'હું હમણાં જ આવું છું.'

પૂરા અડધા-પોણા કલાકે આવી ત્યારે ગુમસુમ લાગતી હતી, 'મમ્મી, એ લોકો તો હજાર રૂપિયા આપીને પેપર લાવ્યા હતાં. મેં તો માસીને કહ્યું કે આવી રીતે પેપર ફૂટી જાય તો ફરી પરીક્ષા લેવી જોઈએ. પણ એ લોકો કહે કે ફરી પરીક્ષા શું કામ ? પેપર ફૂટી ગયું તે બોર્ડનો દોષ. તેમાં અમે શું કરીએ ?

'હશે બેટા, સહુ પોતપોતાનાં કર્યા ભોગવશે. તું તારે વાંચવા બેસી જા!'

એ વાંચવા તો બેઠી, પણ મેં જોયું કે એ ખાસ્સી બેચેન હતી. સાંજે હું બહાર જઈ શાકભાજી, ઘરસામાન વગેરેની ખરીદી કરીને આવી ત્યારે રીના કહે, 'મમ્મી, હમણાં જ મારી એક બહેનપણી કાલનું આખું પેપર આપી ગઈ. કહેતી હતી કે કાલે આ જ આવવાનું છે. પણ મેં તો જોયું જ નહીં, બાજુએ મૂકી દીધું.'

મેં પાસે જઈને એના માથે પ્રેમથી ફેરવ્યો, 'મારી દીકરી કેટલી ડાહી છે!'

પરંત રીનાના મનમાં કશુંક ઘોળાતું હતું. રાતે જમ્યા પછી ફરી એણે વાત કાઢી, 'મારા જેવી છોકરીઓ વરસ આખું તનતોડ મહેનત કરે અને આ બધાં રખડ્યાં કરે. પણ પરીક્ષા વખતે પેપર ફોડીને એકદમ આગળ આવી જાય! કદાચ માર્ક્સ પણ અમારા કરતાં સારા લાવે એટલે પછી એમને સારી કૉલેજમાં પ્રવેશ પણ મળી જાય. અને અમે લટકી પડીએ! આટલી મહેનત પછી પણ .... ' મેં જોયું કે એની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં હતાં. તેવામાં એની એક બીજી બહેનપણીનો ફોન આવ્યો. તેણે ફોનમાં જે કાંઈ કહ્યું. તેનાથી રીના વળી વધુ વ્યગ્ર બની ગઈ. ફોન મૂકીને એકદમ સોફા પર બેસી પડી. મે પૂછ્યું :

'બેટા, શું થયું ?'

ઘણી વાર સુધી એ કાંઈ બોલી નહીં. પછી કહે, 'મારી બહેનપણી કહે છે કે સોલિડ સજેશન છે. આ પ્રશ્ન કાલના પેપરમાં આવવાનો જ.... પણ મમ્મી, મારી તો એ વિશે કાંઈ તૈયારી નથી.'

'કાંઈ નહીં, હજી વાંચી લે ને!'

એ વાંચવા બેઠી. પણ રાતે સૂતી વખતે કહે, 'મમ્મી, આજે હું તારી સાથે સૂઈ જઈશ.'

'આવ ને! બેટા, તને કાંઈ થાય છે ?'

'કાંઈ ગમતું નથી. આમ ચોરી કરીને પરીક્ષા આપવાની ?... અને મને વળગીને એ સૂતી હું કાંઈ ન બોલી, એના વાંસે હાથ ફેરવતી રહી.

બીજે દિવસે એની વાટ જોતાં હું બહુ ચિંતામાં હતી. એ પરીક્ષા દઈને આવી. મોઢા પર ખુશી તો જણાતી હતી, પણ સાથે કંઈક ગંભીર લાગતી હતી. મારી સોડમાં સરકી મારી છાતી પર માથું મુકી ધીરે ધીરે બોલી, 'મમ્મી, પેપર ઘણું સારું ગયું.... પેલો પ્રશ્ન આવ્યો હતો... રાતે વાંચી ગઈ હતી એટલે મારી તૈયારી હતી... પણ મેં જવાબ લખ્યો જ નહીં... ભલે એટલા માર્ક્સ ઓછા!.... હવે મને ઘણું સારું લાગે છે. હોં મમ્મી!'

મારી આંખો ઊભરાઈ આવી અને ગર્વથી મારી છાતી ફૂલી ગઈ.

* * *

એ જે કૈં કહે કરવું પડશે બધું,
જરાકે તું મોઢું બગાડી તો જો.

# ક્યાં છે મારા સોટીપોઠી, છેલછબો ને છકોમકો

**– સૌરભ શાહ**



ખાઈપીને રાજ કરવાનું ગમે છે. પણ ગમતું બધું જ જીવનમાં થતું નથી. વાર્તાઓ, ખાસ કરીને બાળવાર્તાઓ, કદાચ એટલે જ લખાતી રહી છે. રૂપાની ઘંટડી જેવો અવાજ ધરાવતી રાજકુમારી અને બત્રીસલક્ષણો રાજકુમાર ચર્ચગેટ સ્ટેશનના પ્લૅટફૉર્મ પર ન મળે. એમને મળવા બાળવાર્તાઓનાં પાનાંઓ સુધી જવું પડે.

એક જમાનો હતો જ્યારે દોસ્તારોની યાદીમાં અડૂકિયો દડૂકિયો, સોટીપોઠી, છેલછબો, છકોમકો, મિયાં ફૂસકી અને બકોર પટેલનો સમાવેશ થતો. અત્યારે એમના વિનાની જિંદગી ક્યારેક અધૂરી લાગે છે. વાર્તા પેહલાં કવિતા આવતી હોય છે બાળકના જીવનમાં. સાડી પહેરીને તળાવે વૉક લેવા જતી બિલાડી ચં. ચી. મહેતા પાસે હતી. બાળકવિતામાં તર્ક અથવા લૉજિકની જરૂર ખરી? ના. તર્કની આંગળી પકડીને બાળકાવ્યો ન લખાય. બાળકાવ્યનો હિપ્પોપોટેમસ કુલફી ખાય અને એને શરદી થાય ત્યારે ઉદયન ઠક્કરે હિપ્પોની પૂંછડી નીલગિરિના તેલમાં બોળવી પડે અને વિક્સની બાટલીને બદલે આખી બરણીની વ્યવસ્થા કરવી પડે.

બાળસાહિત્ય બહુ સૂક્ષ્મ રીતે નાનકડા માનસ પર અસર છોડી જાય છે. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાના પુસ્તક 'ટચૂકડી બીજી સો વાતો' માં, મા મને છમ્મ્ વડુંની પ્રસિદ્ધ વાર્તાનાં અંતમાં સાત છોકરીઓ વારાફરતી જાગી જવાથી છેવટે બ્રાહ્મણ વડું ખાવા પામતો નથી. બ્રાહ્મણને ગુસ્સો ચઢે છે. બીજે દિવસે એ બધી છોકરીઓને ગાડામાં નાખીને જંગલમાં મૂકી આવે છે. આવો અંત વાંચીને પેલા બ્રાહ્મણ માટે તમને કેવી લાગણી થાય? આ જ વાર્તા શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર દ્વારા પ્રકાશિત 'બાળવાર્તા ભાગ બીજો' માં પ્રસિદ્ધ થઈ છે. ગિજુભાઈ બધેકા દ્વારા પુનર્લેખન પામેલી આ વાર્તાનો અંત આવો છે : 'પછી તો પાંચમી છોડી જાગીને પાંચમું વડું એને આપવું પડ્યું, પછી છઠ્ઠી. જાગી ને છઠ્ઠું વડું એને આપવું પડ્યું ને છેવટે સાતમું વડું સાતમી છોડીએ ખાધું. ત્યાં તો લોટ થઈ રહ્યો. બ્રાહ્મણ બ્રાહ્મણીએ વડાં ન ખાધાં, ને પાણી પીને સુઈ ગયાં.'

બાળવાર્તામાં બહુ પ્રગટપણે બોધ કે શિખામણની વાત ન આવે તો તે સારું જ છે. ગુજરાતી સાહિત્યના એક ઉત્તમ વાર્તાકાર અને બાળવાર્તાકાર ઘનશ્યામ દેસાઈ એમની મૌલિક બાળકથાઓની પ્રસ્તાવનામાં કહે છે કે, 'બાળકોનું શુદ્ધ મનોરંજન કરાવવાનો જ મારો ઉદ્દેશ છે. વાર્તાઓ દ્વારા ઉપદેશ આપવાની રીત મેં અપનાવી નથી. બાળકો એક નવીન આનંદમય સૃષ્ટિમાં પ્રવેશ

પછી ના જવું હોય તો ના જજે,
અકળ બારણાં તું ઉઘાડી તો જો.

કરે એ જ એની ફળશ્રુતિ મને લાગી છે.' ઘનશ્યામ દેસાઈની કેટલીક વાર્તાઓમાં અનાયાસે ઉપદેશ આપ્યો છે જેમાં કશું ખોટું નથી. 'બોખું જિરાફ' વાર્તામાં જિરાફને પંખીઓના માળામાં રહેલાં ઈંડા ખાઈ જવાની ટેવ છે. આ ટેવ ભુલાવવા ચતુર કાગડો એક દિવસ લોખંડનું ઈંડું મુકી દે છે જે ચાવવા જતાં જિરાફના બધા દાંત તૂટી પડે છે. 'અદેખો ચકલો' માં મૉર્નિંગ એલાર્મની ફરજ બજાવતા કૂકડાની ઈર્ષ્યા કરતો ચકલો એક દિવસ પોતે કૂકડાની જવાબદારી ઉપાડે છે ત્યારે એના ગળામાંથી માંડ ઝીણું ઝીણું ચીં... ચીં.... નીકળે છે. ચકલાનું એલાર્મ કોઈ સાંભળતું નથી અને જંગલની દુનિયાનું રુટિન ખોરવાઈ જાય છે. પોતાને બહુ ગ્રેટ માનતા ચકલાઓ માત્ર ગુજરાતી ભાષાના બાળસાહિત્યમાં જ નથી હોતા, પુખ્તસાહિત્યમાં પણ હોય છે.

બાળકો માટેના મૌલિક સર્જનનું પ્રેરણાસ્રોત ક્યાં હશે. મોટે ભાગે બાળકોના જ ઉદ્ગારોમાં. બાળસાહિત્યના સર્જન માટે પ્રેરણા આપનાર બાળકો જ હોય છે. પંચતંત્રની વાર્તાઓમાં મનોરંજનની સાથે ઉપદેશ વણાઈ ગયો છે. પણ જ્યારે એ ઉપદેશને અલગ તારવી આપવામાં આવે ત્યારે બાળવાચક બોર થાય છે.

બાળપણ અને તરુણાવસ્થાના સંધિકાળ જેવી જે ઉંમર આવે છે તેના વિશે ભાગ્યે જ કશું ગુજરાતીમાં વિચારાયું છે, લખાયું છે. આઠ-દસ વર્ષે બાળપણ પુરું થયું હોય અને ૧૩ કે ૧૪મે વર્ષે તરુણાવસ્થા કે ટીન એજ શરૂ થાય તેની વચ્ચેનાં વર્ષો, દસથી તેર વર્ષની ઉંમર, કોઈ પણ બાળક માટે માનસિક રીતે વલોવી નાખનારી હોય છે. શારીરિક રીતે તો હોય છે જ. કામચલાઉ આ એજ ગ્રુપને કિશોરાવસ્થા તરીકે ઓળખીશું.

બાળકો કિશોર ઉંમરનાં હોય કે કોઈ પણ ઉંમરનાં - માબાપ પાસે ભાગ્યે જ ટાઈમ હોય છે, એમનો યોગ્ય રીતે ઉછેર કરવાનો, પેરેન્ટ્સ પોતાા સર્વાઈવલ પાછળ દોડતાં રહે છે, બાળકો એમની પાછળ ઘસડાતાં રહે છે. કહે છે બાળકની માનસિક પ્રગતિ એની આસપાસના વાતાવરણ પર અર્થાત્ એનાં માતા, પિતા, શિક્ષકો, શાળા, ઘર, મિત્રો, પડોશીઓ વગેરે પર આધાર રાખે છે. બાળકની કલ્પનાશક્તિ એના માનસિક વિકાસમાં સૌથી મોટો ભાગ ભજવતી હોય છે. મા-બાપ વગેરેવાળું વાતાવરણ બાળકની આ કલ્પનાશક્તિને ધારે તો ખૂબ ઊંચી ઉડાનો ભરાવી શકે. પણ મોટે ભાગે તો તેઓ એને જાણ્યે-અજાણ્યે રૂંધવાનું જ કામ કરતાં હોય છે. ત્રણ વર્ષનું બાળક એની ચિત્રપોથીમાં છાપેલા પોપટની આઉટલાઈનની અંદર લીલાને બદલે જાંબલી રંગ ભરે તો, માનસશાસ્ત્રીઓ કહે છે અને તેઓ સાચું કહે છે કે, બાળકને ખૂબ સર્જનશીલ દિમાગનું માનવું. આવાં જ બાળકો ભવિષ્યમાં મોટાં થઈને ચીલો ચાતરીને કશીક નવી વૈજ્ઞાનિક શોધથી માંડીને કપડાંની નવી ડિઝાઈન બનાવી શકતાં હોય છે. ચિત્રમાં રંગ પૂરતી વખતે રંગ આઉટલાઇનની બહાર જતો રહે તો સમજુ ડ્રોઈંગ ટિચર પેલા ત્રણ વર્ષના બાળકના ઘરે ચિઠ્ઠી મોકલીને ફરિયાદ નહીં કરે. ટિચર સમજશે કે બાળકની ઉંમર કેટલી છે. આ ઉંમરે એ સભાનપણે પણ મર્યાદાઓ તોડતું હોય તો ભવિષ્યમાં એ ચોક્કસ રુટિન કરતાં કંઈક હટીને કરી બતાવશે.

અંગત મત એવો છે કે બાળકની કલ્પનાશક્તિ વિકસાવવા માટે માબાપ તરફથી એને જો કોઈ સૌથી મોટી ભેટ મળી શકે તો તે ત્રણ પ્રકારની હોય : વાંચન, વાતચીત અને પ્રવાસ. કોઈ પણ સ્થળે બાળકને સાથે લઈ જવા માટે સમય, સગવડ, પૈસા જોઈએ. માબાપે પોતાના માટે વપરાતાં આ ત્રણેય સાધનોમાં કાપ મૂકીને બાળકો સાથે બને તેટલું વધુ ફરવું, રખડવું, ભટકવું જોઈએ. વાતચીત કરવામાં

બધું શક્ય છે એ ખૂલે પણ ખરાં,
તું એકેક કૂંચી લગાડી તો જો.

માબાપે પૈસાનો નહીં પરંતુ સમયનો વ્યય તો કરવો જ પડતો હોય છે જે જરૂરી છે. બાળકો સાથે દુનિયાના કોઈ પણ વિષય વિશે સતત ચર્ચા કર્યા કરવાથી માબાપ બિચારાંનો કદાચ, ડૂચો નીકળી જાય. એમને પોતાનું અજ્ઞાન પોતાની આગળ ખુલ્લું પડી જતું લાગે એવું પણ બને. પરંતુ બાળક માટે આવી ચર્ચાઓની મિનીથી માંડીને મેરેથોન સેશન્સ ખૂબ જરૂરી છે. વાંચનમાં માબાપે કશું ખર્ચવાનું નથી હોતું. પુસ્તકો ખરીદવામાં એવા તે કંઈ પૈસા ખર્ચાતા નથી. તમે ચાર હજારની મિડિયા વિડિયો ગેમ છોકરાંને અપાવો એ કિંમતે આખું ખાનું ભરાઈ જાય અને મહિનાઓ સુધી વાંચી શકાય એટલાં પુસ્તકો ખરીદી શકો છો. ખરીદવાં ન હોય તો લાઈબ્રેરીમાંથી મેળવી શકાય.

કિશોર ઉંમરના એટલે કે નવ-દસથી ૧૩-૧૪ વર્ષની વયનાં બાળકોએ કેવું વાંચન વાંચવું જોઈએ ? એમની કલ્પનાશક્તિ ખીલે એવું. અને કલ્પનાશક્તિ કેવા વાચનથી ખીલે ? માનવું એવું છે કે સાહસકથાઓના વાચનથી. આ ઉંમરનાં બાળકોની કલ્પનાશક્તિને અદ્ભુત ફ્લાઈટ મળે. સારી કિશોર સાહસકથાઓનો રોમાંચ વિશેષણોની પેલે પારનો હોય છે.

વિદેશની સરખામણીએ આપણે ત્યાં બાળસાહિત્યનું ફલક ઘણું સંકુચિત હોવાનું એક કારણ આપણી જૂનવાણી માનસિકતા છે. આ મેન્ટાલિટીને લેખક મોહનભાઈ પટેલે સરસ રીતે સમજાવી છે : 'પરદેશનાં બાળકો કરતાં આપણાં બાળકોમાં બુદ્ધિનું તત્ત્વ ઓછું હોય છે એવું નથી. પરદેશના બાળકોનાં માનસ સમક્ષ અનેક દિશાઓ ઉઘાડી આપવામાં આવે છે, ખૂબ બધા ક્ષેત્રોનું એક્સપોઝર એમને આપવામાં આવે છે, અને એ ઉઘાડનારા પ્રતિભાવોના પ્રોટોટાઈપ્સ એમને આપવામાં આવતા નથી, એ પ્રતિભાવોને નિશ્ચિત ચોકઠામાં બેસાડી દેવામાં આવતા નથી. આને કારણે બાળકો પોતાની મેળે પોતાની સંવેદનાઓને સમજીને પ્રતિભાવો આપે એવી આબોહવા સર્જવામાં આવે છે. હાથમાં પેન, પેન્સિલ કે ક્રેયોન આવે એટલે લખતાં ન શીખેલું બાળક પણ લીટા કરવા પ્રવૃત્ત થવાનું. એ એને સહજ હોય છે. બાળક આમ લીટા કરે ત્યારે આપણા માથા પર આસમાન તૂટી પડતું હોય એ રીતે આપણે રિએક્ટ થયાં હોઈએ છીએ. એ લીટાની પ્રેરક એ નિસર્ગશક્તિને આપણે ઉઘાડ આપતા નથી.'

ચાર વર્ષનું બાળક વાંકીચૂંકી લીટીઓ દોરીને કહી શકે છે કે મેં કેટરપિલર દોર્યું છે. એટલું જ નહીં આ કેટરપિલરની કમરમાં બે જગ્યાએ દુખાવો છે એવી કલ્પના પણ કરી શકે છે.

બાળકોની કલ્પનાશક્તિમાં વાચન ઉપરાંત વાર્તાકથન દ્વારા પણ ઘણો મોટો ઉમેરો થાય. હરીશ નાયક પાસે આને લગતી અદ્ભુત કળા છે. એમણે એક વખત કહ્યું હતું, 'ઉનાળાની રાત્રિઓમાં ફ્લેટોની અગાશી પર શ્રોતાઓ બેઠા હોય, સૂતા હોય, આડા પડ્યા હોય અને ત્યારે અમારી વાર્તાઓ ચાલુ હોય. સમયના કોઈ બંધન જ નહીં. જેને ઊંઘ આવે તે ઊંઘી જાય, મોડી રાત્રે ભલે થોડું જ શ્રોતાવર્તુળ રહી જાય. આવી આ અગાશીકથાની વાતે વાર્તાકથનમાં જરૂર નવું પરિમાણ ઉમેરી દીધું છે.'

બાળકોનો ઉછેર કરતી વખતે એમની સાથે બાલિશતાથી વ્યવહાર કરતાં માબાપોનો તોટો નથી. માબાપોએ એમને બાળક તરીકે જોવાને બદલે બે દાયકા પછી આ બાળકો પોતાની સમકક્ષ વ્યક્તિ બની જવાના છે એવો વિચાર મનમાં રાખે તો એનો ફાયદો બાળકને ભવિષ્યમાં જેટલો થવાનો એના કરતાં અધિક માબાપને થવાનો.

* * *

કડીઓ ગણ્યે પાર આવે નહીં,
ખખડતાં જ સાંકળ પછાડી તો જો.

# લાખ રૂપિયાની વાત

- શહાબુદ્દીન રાઠોડ

જે માનવીના આનંદપ્રાપ્તિનાં સાધનો સસ્તાં હોય અને વળી ઓછાં હોય એ માનવી જીવનમાં સુખી થઈ શકે છે. અમારી અજ્ઞાનતા વ્યસનરૂપે વ્યક્ત થતી હતી, જીવનમાં શુભ કાર્યો એ સમજણની અભિવ્યક્તિ છે. કુકર્મો એ કુવિચારોનું રૂપાંતર છે.

વ્યસનનો આનંદ એ વિશુદ્ધ આનંદ નથી. વિશુદ્ધ આનંદ એ અન્ય કોઈ આનંદને ઓછો નથી કરતો. જ્યારે વ્યસન સ્વાસ્થ્યનો નાશ કરે છે - આવી આછીપાતળી સમજ અમારા મનમાં ઉદ્‌ભવવા લાગી. અમે વ્યસનનો ત્યાગ કરવાનું નક્કી કર્યું. તમાકુવાળા પાનનો ત્યાગ મારે અને કનક ગાંધીએ કરવો. પીળો હાથી - સિગારેટ સુલેમાન પટેલે છોડાવી, બીડી વનેચંદ અને પ્રવીણે છોડી દેવી, નટુએ ચલમને તિલાંજલિ આપવી, શશીકાંતે છીંકણી ન સૂંઘવી. કીર્તિ, પ્રાણલાલ અને જશવંતે ચા છોડવી, હસુ માસ્તરે તમાકુની ડબ્બી અને ચૂનાનો ત્યાગ કરવો - આવું બધું અમારી બેઠકમાં નક્કી થયું.

**જો મજા હૈ તડપને મેં વો નહીં પાને મેં.**

ત્યાગ કરતાં ત્યાગના વિચારોથી અમે રોમાંચિત થઈ જતાં, છતાં વાત જ્યારે નક્કી થતી ત્યારે બધાને મૂંઝવણ પણ થતી. એમાં મેં કહ્યું, ‘‘એમ કરો નવા વર્ષના પ્રથમ દિવસથી વ્યસનનો ત્યાગ કરવો એવું નક્કી કરો. એક તો સારો દિવસ, વળી સૌને યાદ રહે. આ વર્ષ તો હવે ગયું એ પૂરું થઈ જવા દ્યો. પંદર-વીસ દિવસ માટે શું ?’’ સૌને વિચાર ગમ્યો, કારણ કે બંધાણને થોડું જીવતદાન મળતું હતું. થોડા દિવસ પછી છોડી દેવાનું છે એમ સમજી ઊલટાની માત્રા વધી. છેલ્લે છેલ્લે જીવતરના લહાવા લઈ લ્યો એમ સૌને લાગ્યું.

‘‘ઘણાંએ દલીલો ચાલુ રાખી, કે જૂની હૅબિટ છે. એમ મૂકતાં વાર લાગશે. એક-સામટું છોડવાને બદલે ધીરે ધીરે મૂકો તો વસમું ન લાગે. અમે પણ ધીરજવાન છીએ. છેલ્લાં વીસ વર્ષથી અમારા પ્રયત્નો ચાલુ છે. થોડા સફળ થયા છે. થોડા હજી મથામણ કરે છે. અંગ્રેજી શબ્દ HABIT અનોખો શબ્દ છે. HABIT માંથી H કાઢી નાંખો તો

અદીઠ તંતુ ખેંચાઇ બંધાય જે,
કદી સ્હેજ છેડી, વગાડી તો જો.

ABIT રહે છે. એ બીટ એટલે થોડું. થોડું તો વ્યસન બાકી રહી જાય છે. ABIT માંથી A કાઢી નાખો તો BIT - થોડું રહી જાય છે અને BIT માંથી B કાઢી નાખો તો IT એટલે તે તો રહે જ છે.

ઘણા વર્ષે ખબર પડી કે એક ટેવ, એક હૅબિટ, એક વ્યસનમાંથી મુક્ત થવું કેટલું અઘરું કાર્ય છે!

તો શું પરિગ્રહમાંથી મુક્ત થવું સહેલું છે? નાનાં બાળકોનો સંગ્રહ જોયો છે? કોઈ તાળામાં ન ચાલે તેવી કૂંચીઓ, ફાટેલા દડા, તૂટેલી પતંગો, રંગીન ચૉકના ટુકડા, પેન્સિલના કટકા, બૉલપેનના ઢાંકણાં, સેન્ટની શીશીનાં ખાલી ખોખાં, રબ્બર ચોંટી ગયેલા ફુગ્ગા, ભાંગેલી ફૂટપટ્ટીઓ, ફાટેલી ચોપડીઓ, ચિત્રો, આર વગરના ભમરડા, નકામાં રમકડાં, કાંઈક ભેગું કર્યું હશે. પ્રથમ સંગ્રહ ચડ્ડીના ખિસ્સામાં શરૂ થાય છે. ત્યાંથી વિસ્તાર વધે એટલે દફ્તરમાં આવે છે. દફ્તરમાં પણ ન સમાય ત્યારે ટેબલના ખાના પર કબજો જમાવવામાં આવે છે. મંત્રીશ્રીઓનાં કબાટ ભરાઈ જાય પછી પૈસા કોથળામાં ભરાય છે અને એમાં પણ ન સમાય ત્યારે સ્વિટ્ઝરલેન્ડની બેંકોમાં સચવાય છે તે રીતે, બાળકો માત્ર નિર્દોષ ભાવે પરિગ્રહ કરે છે. સાચું સમજાય ત્યારે આ બધું છોડી પણ દે છે. જ્યારે ઘણાખરા મંત્રીશ્રીઓને સાચું સમજાતું નથી અને સમજાય તો પણ પરિગ્રહ છોડતા નથી. ચોરના સરદારને સમજાય છે, ચોરને પણ સમજાય છે. કારણ કે, તેમનાં હૃદયમાં અજ્ઞાનતાનાં આવરણ નીચે માનવતા રહેલી છે.

કોટિકર્ણ શ્રોણ નામના એક ભિક્ષુ હતા. તેમનું નામ કોટિકર્ણ એટલે પડ્યું કે જ્યારે તેઓ સંસારી હતા ત્યારે અઢળક સંપત્તિના માલિક હતા. કાનમાં એક કરોડ રૂપિયાની કિંમતનાં કુંડળ પહેરતા. બેશુમાર દોલતમાં પણ શ્રોણને જીવનની શાંતિ ન મળી એટલે છેવટે સંપત્તિનો ત્યાગ કરી સાચી શાંતિની શોધ કરી. બાહ્ય સંપત્તિ ગુમાવી આંતરિક સમૃદ્ધિ મેળવી, ભિક્ષુ શ્રોણની પર્ણકુટીએ જિજ્ઞાસુઓ આવ્યા જ કરતા અને તેમના પ્રવચનના પ્રત્યેક શબ્દે સાંત્વના પામતા. ભલે ચાલવાનું પથિકને હોય, પણ પથ બતાવનાર કોઈ સાચો અનુભવી પથદર્શક જરૂરી ખરો કે નહિ?

શ્રોણના વક્તવ્યમાં અનુભવનું ઊંડાણ હતું. સુખ, સગવડ, સંપત્તિ, સૌંદર્ય ભોગવ્યા પછીની સાચી સ્વસ્થતા હતી, અનુભવની સરાણે ચડી ચૂકેલી સમજણ હતી, તેથી કોઈને આંજી નાંખવાની ઈચ્છા નહોતી. કોઈની પાસેથી કાંઈ પણ મેળવવાની શ્રોણની અપેક્ષા નહોતી. તમામ એષણાઓથી પર થઈ એ માત્ર કરુણાને અનુલક્ષીને બોલતા, અને એટલે જ એમના શબ્દો સાંભળનારના હૈયા સોંસરવા નીકળી જતા. કાંતિયાની નામની એક ધનાઢ્ય મહિલા ભિક્ષુ શ્રોણનું પ્રવચન સાંભળી રહી હતી. પ્રવચન લાંબું ચાલ્યું. દાસીએ વારંવાર ઘેર જવા વિનંતી કરી. પણ કાંતિયાનીએ કહ્યું, ‘‘હું આ અમૃતમય વાણી છોડી આવી શકું તેમ નથી. તું જા.’’ દાસી આવાસે પહોંચી અને જોયું તો સ્તબ્ધ બની ગઈ. મહાલયમાં ચોર ચોરી કરી રહ્યા હતા અને કરડા ચહેરાવાળો ક્રૂર સરદાર બહાર ચોકી કરી રહ્યો હતો.

નિરુદ્દેશ, કોઈ પ્રયોજન વગર,
તું એકાદ પગલું ય પાડી તો જો.

દાસીએ સરદારને જોયો અને બીકની મારી ભાગી નીકળી. સરદારને થયું દાસી કોઈને જાણ કરે તે પહેલાં તેને હંમેશને માટે બોલતી બંધ કરવી જોઈએ. દાસી આગળ અને સરદાર પાછળ.... પહોંચ્યા ભિક્ષુ શ્રોણની પર્ણકુટી પાસે.

કાંતિયાની શાંત ચિત્તે શ્રોણનું પ્રવચન સાંભળી રહી હતી. ભિક્ષુ શ્રોણે કહ્યું, ''કાંઈક મેળવી લેવાની ઝંખનામાં માનવી કેટલું ગુમાવે છે? મન પોતે જ્યારે પોતાનું નિરીક્ષણ કરે છે ત્યારે તેની તમામ દોડ થંભી જાય છે. યશ, માન, દ્રવ્ય, સુખ, બધાંની વ્યર્થતા તેને સમજાઈ જાય છે.'' એ જ વખતે દાસીએ કાંતિયાનીને કહ્યું, ''માલકિન, ગજબ થઈ ગયો! મહાલયમાંથી ચોરો મહામૂલ્યવાન સુવર્ણ આભૂષણો લૂંટી રહ્યાં છે.''

કાંતિયાનીએ કહ્યુ, ''લૂંટી જવા દે. એ બધું પિત્તળનું છે. મારી અજ્ઞાનતા હતી ત્યાં સુધી સોનાનું ગણી સાચવ્યું. આજે હવે મને જીવનનું સત્ય સમજાઈ ગયું છે. એ ચોરી જનારને પણ આ સત્ય એક દિવસ સમજાશે.'' કાંતિયાનીના શબ્દો ચોરના સરદારને કાને પડ્યા. તેણે વિચાર્યું જે સંપત્તિ મેળવવા માટે આપણે દિવસરાત જાનની બાજી લગાવીને મહેનત કરીએ છીએ એ જ સંપત્તિ આ મહિલા આટલી સહેલાઈથી છોડી શકવાની સમજણ મેળવી શકતી હોય તો આપણે શા માટે ન મેળવી શકીએ ? તે પાછો ફર્યો અને સાથીઓને કહ્યું. છોડી દ્યો બધું આ. ઘણાં વર્ષ પોટલાં બાંધ્યાં. કાંઈ ન વળ્યું. હવે છોડવાની વેળા આવી છે. આથી પણ વધુ મૂલ્યવાન ખજાનો હું શોધી લાવ્યો છું. ચાલો મારી સાથે.'' બધી વસ્તુ મહાલયમાં પાછી મુકાવી ચોર અને સરદાર આવ્યા ભિક્ષુ શ્રોણની પર્ણકુટીએ.

પ્રેક્ષકોમાં જઈ બેઠા ને પ્રવચન સાંભળવા લાગ્યા. ભિક્ષુ શ્રોણનું પ્રવચન ચાલુ જ હતું, ''આત્મજનો, ગમે તેટલી બાહ્ય સંપત્તિ હશે પણ આંતરિક સમૃદ્ધિ નહિ હોય તો માનવી જીવનભર ગમે તેટલું મેળવવા છતાં ભિક્ષુક જ રહેશે, ગમે તેટલો પરિગ્રહ કર્યા પછી પણ જીવનની સંધ્યાએ એ જ પરિગ્રહ બોજ બની જશે.'' ચોરોને એકઠી કરેલી સંપત્તિ યાદ આવી અને એ સંપત્તિને લીધે થતી કાળજાને કોરી ખાતી ચિંતા યાદ આવી, ભિક્ષુ શ્રોણે કહ્યું, ''મેળવીને ગુમાવવું છે કે ગુમાવીને મેળવવું છે?''

બધા ચોર અને સરદારનાં મસ્તક શ્રોણના ચરણમાં ઝૂકી ગયાં. કાંતિયાનીની તેમણે ક્ષમા માંગી અને પછી ઉપકાર માન્યો - જીવનનો સાચો રાહ બતાવવામાં નિમિત્ત બનવાનો.

પાઈ પાઈ કે ખોદે પ્યારે,
પાઈ પાઈ કે રખના ક્યા ?
જિસ નૈનોં મેં નીંદ ઘંનેરી,
તકિયા લેફ, બિછૌના ક્યા ?

* * *

પછી આ જમીનમાં તું કહેજે ગઝલ,
જલન જેવી તડપન જગાડી તો જો.
- રાજેન્દ્ર શુક્લ

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન હુબલી

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન શ્રી હુબલીના નેજા હેઠળ માદરે વતન શ્રી કચ્છ તીર્થ યાત્રાનું આયોજન તા. ૧૮-૯-૨૦૧૬ થી તા. ૨૪-૯-૨૦૧૬ સુધી કરવામાં આવેલ. જેમાં ૬૫ યાત્રિકોએ હોંશભેર ભાગ લીધેલ. દરેક યાત્રીક પાસેથી ટોકન રૂપે ફક્ત એક હજાર રૂપિયા લઈને સુંદર આયોજન દ્વારા યાત્રા કરાવવાં આવેલ.

સાંયરામાં પ.પૂ. સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી આદી હુબલી થી પ્રથમ ગાંધીધામ પહોંચીને પત્રી, વાંકી, ભદ્રેશ્વર, ૭૨ જિનાલય, ડોણ, માંડવી, ગોધરા, શિવમસ્તુ, દેઢીયા, સાંધાણ, સુથરી, સાંયરા, વરાડીયા, કોઠારા, જખૌ, નલીયા, પાર્શ્વવલ્લભ, તેરા આદી તીર્થોની સુંદર ભક્તિભાવે યાત્રા કરી જિનાલયોમાં સામુહિક ચૈત્યવંદન તેમજ પૂજન સામગ્રીનું થાળ અર્પણ કરવામાં આવેલ. સિવાય અદાની પોર્ટ માંડવી પેલેસ, માતાનો મઢ, અંબે ધામ આદી પ્રેક્ષણીય, દર્શનીય સ્થળોની પણ મુલાકાત લીધી.

### શ્રી પારોલા તીર્થમાં પર્યુષણ આરાધના

શ્રી પારોલા તીર્થમાં પર્યુષણ મહાપર્વ આરાધના ખૂબજ રૂડી રીતે થયેલ. આરાધના કરાવવા શ્રી હર્ષભાઈ દેઢીયાના સંગાથે તેમના સંગીતમય સથવારે આયોજન થયેલ. ભાવિકોની સારી સંખ્યામાં હાજરી હતી.

કલ્પસુત્ર પધરાવવાનો લાભ શા. હરીષ જવેરચંદ માણેકજી મૈશેરી વોરા (જખૌ) મલકાપુર, પારણું પધરાવવાનું લાભ શા. કુલીનકાંત મુલજી લોડાયા પરિવાર (બારોઈ) જલગામ અને શા. દામજી શામજી પોલડીયા પરિવાર (ગોએરસમા) ભુસાવલ બારસાસૂત્ર વહોરવવાનું લાભ શા. દામજી શામજી પોલડીયા પરિવાર (ગોએરસમા) નાશીકવાલાએ લીધેલ. પર્યુષણ મહાપર્વમાં. ઘૃત ૨૮૨૦૦૦ મણ થયેલ છે. તપશ્ચર્યા અઠ્ઠાઈ તપ કરનાર તપસ્વીઓ ના લી ડ્રો કાઢતા મુંબઈ નિવાસી શ્રીમતી લીલાબેન નરેન્દ્ર મૈશેરીનાં નામની જાહેર થયેલ.

### શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ રાયપુર

પરમ પૂજ્ય સાધ્વી શ્રી સમયગુણાશ્રીજી મ.સા. અને પરમ પૂજ્ય સાધ્વી શ્રી શ્રુતગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં પ્રભુ મહાવીર નિર્વાણોત્સવ પર્વ દિવાળી નિમિત્તે પાંચ દિવસીય ભક્તિય આરાધના કરાવવામાં આવેલ.

તા.૨૮/૧૦/૨૦૧૬ ધનતેરસ ના શ્રી પાર્શ્વનાથ પ્રભુ વંદનાવલી.

તા. ૨૯/૧૦/૨૦૧૬ કાલી ચૌદસના અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીનું પૂજન

તા. ૩૦/૧૦/૨૦૧૬ દિવાળી પર્વના શ્રી મહાવીર પ્રભુ વંદનાવલી

તા. ૩૧/૧૦/૨૦૧૬ શ્રી ગૌતમ સ્વામી કેવળજ્ઞાન દિવસના શ્રી ગૌતમ સ્વામી મહાપૂજન

તા. ૦૧/૦૨/૨૦૧૬ ભાઈ બીજના નાના બાળકો માટે શ્રી સરસ્વતી દેવીનું પૂજન

બધા કાર્યક્રમોમાં સૌ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ.

### વધુ એક જ્ઞાતિ પરિવારને મળ્યો અકસ્માત વિમાનો લાભ

સ્વ. વિજય ડુંગરશી વિકમશી (કોઠારા - મુલુંડ)ને સમસ્ત ક.દ.ઓ. મહાજનની યોજના શ્રી કિરીટભાઈ લાપસીયા પરિવાર (રવા-ચેંબુર) પ્રેરિત સમસ્ત કે.ડી.ઓ. જીવન આકસ્મિક મૃત્યુ વીમા યોજનાનો લાભ મળ્યો છે. તે પરિવારને આનો ચેક મુંબઈ મહાજન આયોજીત ધાર્મિક મેળા દરમિયાન તા. ૨૦/૧૧/૨૦૧૬ના અપાયો હતો.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


એ ખરું કે ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ થયા પછીના કાળમાં સામાજિક-ધાર્મિક આયોજન કરવા વધુ જહેમત લેવી પડશે પણ હિંમત અને એકતા રાખશું તો સમાજજીવન સવાયું ધળકતું થશે.

- ચીમન મોતા *તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વિશાલ શશીકાંત લોડાયા** (PS 7293) (ભુલ સુધાર) | ફ્લેટ નં. ૧૨, જાનકીરામ કો.હા.સો., સંત નામદેવ પથ, શિવસેના શાખા સામે, જિજાઈ નગર, ડોમ્બીવલી (ઈસ્ટ)-૪૨૧ ૨૦૧. મો.: ૯૦૨૯૯ ૭૭૧૧૫ |
| **શશીકાંત કુલીનકાંત લોડાયા** (PS 5887) (ભુલ સુધાર) | વી/૬૭૩, ગુજરાતી રોડ, જૈન ટેમ્પલ રોડ, કોચીન - ૬૮૨ ૦૦૨. મો.: ૯૩૮૭૪ ૪૧૯૦૯ / ૮૮૯૩૮ ૪૧૯૦૯ |
| **હિરેન સોમચંદ શાહ (લોડાયા)** (PS 1882) | એફ-૫૦૪, ૫મે માળે, ઈસ્કૉન હારમોની, ડેકલાથન સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સની સામે, ગોત્રી-સેવાસી રોડ, વડોદરા - ૩૯૧ ૧૦૧. |
| **ગિરીશ વાલજી ખોના** (PS 905) | ૭, રંભા એપાર્ટમેન્ટ, ૩જે માળે, ખોખાની લેન, રેલ્વે સ્ટેશન પાસે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૩૨૨૮ ૪૩૯૪૨ / ૯૭૬૯૯ ૭૩૧૮૭ / ૯૮૨૧૬ ૭૩૧૮૭ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૧૦-૧૬ | નાહુર | વિયાના, અવની કુણાલ રજનીકાંત ખોના | મોટી ખાવડી | પુત્રી |
| ૦૪-૧૧-૧૬ | અમદાવાદ | ધ્યાન, પૂનમ (મિનલ) ચિંતન રોહિત લોડાયા | નલિયા | પુત્ર |

### જન્મ (ભૂલ સુધાર-મહાજન)

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૧૦-૧૬ | - | દેવીશા, હેમા નયન શાહ (પોલડીયા) | સુથરી | પુત્રી |

### સગપણ (ભુલ સુધાર-મહાજન)

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૧૧-૧૬ | માટુંગા | નિર્મલ ચેતન દામજી મોમાયા | વારાપધર | ૨૯ |
| | મસુર | ભક્તિ મહેન્દ્ર ગોવિંદજી ધરમશી | છાડુરા | ૨૬ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૧૧-૧૬ | સેલમ | ભાવેન હરીશ અમૃતલાલ નાગડા | બાયઠ | ૨૯ |
| | ગુડગાંવ | ઝરના પ્રફુલચંદ્ર બોરા | ગોહાટી | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૧૧-૧૬ | ડોમ્બીવલી | મહેન્દ્ર માણેકજી રતનશી લોડાયા | બાયઠ | ૬૫ |
| ૧૩-૧૧-૧૬ | મુલુંડ | ગં.સ્વ. રતનબેન નવીનચંદ્ર મોમાયા | સુથરી | ૭૩ |
| ૧૭-૧૧-૧૬ | થાણા | મણીલાલ લક્ષ્મીચંદ લોડાયા | નલીયા | ૯૦ |
| ૧૮-૧૧-૧૬ | ડોમ્બીવલી | લક્ષ્મીબેન કલ્યાણજી મૈશેરી | લાલા | ૭૩ |
| ૧૯-૧૧-૧૬ | વારાપધર | ઉમરશી શામજી કુંવરજી વિકમશી | વારાપધર | ૭૪ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# હૃદયદ્રાવક અશ્રુભીની કરુણાંજલિ....

જન્મ :
તા. ૧૬/૦૩/૧૯૬૯
કલકત્તા

અરિહંત શરણ :
તા. ૨૩/૧૦/૨૦૧૬
વૈષ્ણવીદેવી

## સ્વ. શ્રી સંજયભાઈ દામજી લોડાયા

સંજયભા અંઈ ઓચિંતી ક્યાં સાંભાઈ, ને વિને જી કલ ન ડિના ?
જે ભવાટવી જી વાટમેં, હેળા ભારી વિછોળા કો ડિના ?
જુકો જીરવ્યો ન જીરવાજે, એળો ડે વ્યા કારમો ઘા;
જેન્જો રૂઝ ન વરે કડેં ને વરી મિટાઈંધે ન મિટે ઈ ઘા.
વેંધે જીગરજો ટુક્કર, જેંસેં જલ્યું ત પણ ન જલાજે અસાંજો જીગર;
મિણીકિ પિંઢજા કરીને હલેં, એળો વો આંજો જીગર.
વ્યવસાય મેં પણ અદ્‌ભૂત પ્રગતિ ક્યાં જે વતાઈને જીગર;
કાળ ત કેળો કેં ઠકકા, જે ખણીવ્યો અસાંજો જીગર.
સોન જેળો યુવા પુત્તર વિનાંઈંધે, રૂવે દિવ્યા માડી ચોધાર;
જીવન સંગીની ગોપીવહુ બૌ રૂંવે, વિનાઈંધે પ્રિય ભરથાર.
ત્રે ધીરૂં વિધી - દિપાલી ને વિરલ ધ્રુસ્કે ધ્રુસ્કે રૂંવે, જેં કીં ભુલેં પપ્પા જો પ્યાર ?
રૂંવે ભા ચેતન - વૈશાલી ને રૂવે પૌત્ર કરણકુમાર.
ભેણું વર્ષા દિપક ને હર્ષા દિલીપ જે અખિંયેં વહે અશ્રુધાર;
ભાણેજ્યું ઉર્મિ, યુક્તા ને સાક્ષી રૂવેં, ને રૂવે ભરત જે આંજો જીગરી દોસ્તાર.
દેવી વૈષ્ણવી જા દર્શન કરે પાવન થ્યાને, ઓતે પામ્યા મુક્તિ ધામ;
પરિવાર હર ઘડી આં કે યાદ કરેને, કરે આંજી પાવન સ્મૃતિ કે પ્રણામ.
મૃત્યુ જો સત્ય સમજાઈ અસાંનું અચ્યા વ્યા, વતાઈ ધર્મ કરેજી વાટ;
સંસાર ત સુનકાર થ્યો અસાંલા ને, ભોગવણા અંતરાય કરમ રૈ કરીને માઠ.
જીયણ - મરણ, ચડતી - પડતી, જશ - કોજશ, ઈતાં વિધિજા લેખ;
રશ્મિન ચેં ઈ આંજે કરમે પ્રમાણે હલેં, જેમેં ફેર ન પે મિનમેખ !
લોડાયા ને ધરમશી પરિવાર આંલા, અંતરથી ચાહીયેં ખાસ;
આંજે આત્મા કે પરમ સુખ શાંતિ મેલે, અરિહંત પ્રભુ જે પાસ.

\- રશ્મિન ખોના

-: પ્રાર્થયિતા :-

શ્રી કલ્યાણજી ગોવિંદજી લોડાયા નો સહપરિવાર — કચ્છ - જખૌ / ઘાટકોપર
શ્રી ચંદ્રકાન્ત પદમશી ધરમશી નો સહપરિવાર — કચ્છ - સુથરી / નાસિક

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (21-11-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## વીડીયો એડીટીંગ ક્ષેત્રની આગવી પ્રતિભા રાહુલ સતીશ નાગડા

તિરુપુરના સતીશ નાગડાના સુપુત્ર રાહુલે સુરતની ASK-EHS કંપની દ્વારા નિર્મિત "સ્વચ્છ ભારત"ની વિશેની બે ટૂંકી ફિલ્મોને પ્રથમ અને ચતુર્થ ઈનામ પ્રાપ્ત થયું છે. આ ફિલ્મોના એડીટીંગનું કામ રાહુલે કર્યું છે. તેઓ હાલ બેંગલોરની સોફ્ટવેર કંપની સાથે જોડાયા છે.

સુરત ક.દ.ઓ. મહાજને તાજેતરમાં તેમનું સન્માન કર્યું હતું.



स्वच्छ भारत

एक कदम स्वच्छता की ओर

## શ્રધ્ધાભરી ભાવાંજલિ



જન્મ :
તા. ૧૦/૧૦/૧૯૫૧

અરિહંત શરણ :
તા. ૧૧/૧૧/૨૦૧૬

# શ્રી દિનેશભાઈ વિશનજી દંડ

સાંધવ - ભાંડુપ

અમો ભાગ્યશાળી... અમો પુણ્યશાળી... જે તમ જેવા ગુરૂ મલ્યાં !
અહો ભાગ્ય અમારૂં કે તમ જેવા મિત્ર મલ્યાં !!

**આસાં જે "ભા" હે સો સો સલામ....**

## શ્રી ભલારા ભાવિક પુનમ મંડળ

લાલપર - મુંબઈ

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,